**પન્નાસ જોયણાઈ, આસી સેત્તુંજ વિત્થરો મૂલે;**
**દસ જોયણ સિહરતલે, ઉચ્ચતં જોયણા અટ્ઠ. ૭**

(આ) શ્રી શત્રુંજય તીર્થનો વિસ્તાર મૂળમાં પચાસ યોજન, શિખર ઉપર દશ યોજનનો હતો અને તેની ઉંચાઈ આઠ યોજનની હતી. ૭

**જં લહઈ અન્નતિત્થે, ઉગ્ગેણ તવેણ બંભચેરેણ,**
**તં લહઈ પય તેણ, સેત્તુંજ ગિરિમ્મિ નિવસંતો. ૮**

બીજા તીર્થોમાં ઘણું ઉગ્ર તપ કરવાથી તથા બ્રહ્મચર્ય પાળવાથી જે ફળ મળે છે તે ફળ પ્રયત્નપૂર્વક (યતનાપૂર્વક) શ્રી શત્રુંજય ઉપર વસવાથી મળે છે. ૮

**જં કોડીએ પુણ્ણં, કામિય આહાર ભોયણાઓ ઉ;**
**તં લહઈ એત્થ પુણ્ણં, એગોવાસેણ સેત્તુંજે. ૯**

અન્ય સ્થળે એક કરોડ માણસોને ઈચ્છિત વસ્તુ-જમાડવાથી જે પુણ્ય મળે છે, તે પુણ્ય આ શત્રુંજય તીર્થમાં એક ઉપવાસથી મળે છે. ૯



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**જંકિંચિ નામતિત્થં, સગ્ગે પાયાલિ માણુસે લોએ**
**તં સવ્વમેવ દિટ્ઠં, પુંડરિએ વંદિએ સંતે. ૧૦**

સ્વર્ગમાં, પાતાળમાં, કે મનુષ્ય લોકમાં જે કોઈ નામ માત્રનું તીર્થ હોય તે સર્વના તે પુંડરીકગિરિને વંદના કરવાથી, દર્શન થઈ જાય છે. તે સર્વેને વંદના થઈ જાય છે. ૧૦

**પડિલાભંતે સંઘં, દિટ્ઠાદિટ્ઠે ય હોઈ સેત્તુંજે,**
**કોડિગુણં ચ અદિટ્ઠે, દિટ્ઠે અ અણંતયં હોઈ. ૧૧**

શ્રી સંઘની ભક્તિ કરતાં થકી શત્રુંજય સન્મુખ ચાલતા તેના દેખાવથી અને ન દેખવાથી પણ લાભ થાય છે નહિં દેખવા છતાં ભક્તિ કરતાં કરોડગણું ફળ થાય છે અને દેખવા છતાં ભક્તિ કરતાં અનંતગણું ફળ થાય છે. ૧૧

**કેવલનાણુપ્પત્તી, નિવ્વાણં આસિ જત્થ સાહુણં;**
**પુંડરિએ વંદિત્તા, સવ્વે તે વંદિયા તત્થ. ૧૨**

જ્યાં જ્યાં મુનિરાજોને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું હોય અને જ્યાં જ્યાં સાધુઓને મોક્ષની પ્રાપ્તિ થઈ હોય છે, સર્વ સ્થાનોને શ્રી પુંડરીકગિરિને વંદના કરવાથી વંદના થઈ જાય છે. ૧૨

**અટ્ઠાવય સમ્મેએ, પાવા ચંપાઈ ઉજ્જંતનગે ય,**
**વંદિત્તા પુણ્ણફલં, સયગુણં તંપિ પુંડરિએ. ૧૩**

શ્રી અષ્ટાપદતીર્થ (ઋષભદેવ ભગવાનનું નિર્વાણક્ષેત્ર) સમ્મેતશિખર, (૨૦ તીર્થંકરની નિર્વાણભૂમિ.) પાવાપુરી (શ્રી મહાવીર સ્વામીનું મોક્ષક્ષેત્ર). ચંપાપુરી (વાસુપૂજ્ય સ્વામીની નિર્વાણભૂમિ) અને શ્રી ગિરનાર તીર્થ (નેમિનાથના કલ્યાણકનું સ્થાન) ને વંદના કરવાથી જે પુણ્ય થાય તે કરતા સોગણું પુણ્ય પુંડરીકગિરિના દર્શનથી થાય છે. ૧૩



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**પૂઆકરણે પુણ્ણં, એગગુણં સયગુણં ચ પડિમાએ;**
**જિણભવણેણ સહસ્સં, ણંતગુણં, પાલણે હોઈ. ૧૪**

(શ્રી શત્રુંજય ઉપર) પ્રભુ પ્રતિમાની પૂજા કરવાથી એકગણું, પ્રભુ પ્રતિમા ભરાવવાથી સોગણું, દેરાસર બંધાવવાથી હજારગણું અને તેનું રક્ષણ કરવાથી અનંતગણું પુણ્ય થાય છે. ૧૪

**પડિમં ચેઈહરં વા, સિત્તુંજ ગિરિસ્સ મત્થએ કુણઈ,**
**ભૂત્તુણ ભરહવાસં, વસઈ સગ્ગે નિરૂવસગ્ગે. ૧૫**

જે મનુષ્ય શ્રી શત્રુંજય ઉપર પ્રતિમા ભરાવે અથવા દહેરૂં બંધાવે તે ભરતક્ષેત્રનું રાજ્ય (ચક્રવર્તીપણું) ભોગવીને છેવટે સ્વર્ગમાં અને મોક્ષમાં વસે છે. ૧૫

**નવકાર પોરિસીએ પુરિમઢ્ઢેગાસણં ય આયામં;**
**પુડંરીયં ચ સરંતો, ફલકંખી કુણઈ અભત્તઠ્ઠં. ૧૬**

**છટ્ઠ-અઠ્ઠમ-દસમ દુવલસાણં. માસ અધ્ધમાસ ખવણાણં.**
**તિગરણ સુદ્ધો લહઈ, સેત્તુંજ સંભારંતો અ. ૧૭**

ઉત્તમફળની ઈચ્છાવાળો જે મનુષ્ય શ્રી પુંડરીકગિરિનું સ્મરણ કરતો થકો નવકારશી, પોરસી, પુરિમઢ, એકાસણું, આંબેલ, કે ઉપવાસ કરે તે અનુક્રમે છઠ (બે ઉપવાસ) અઠમ (ત્રણ ઉપવાસ) દશમ (ચાર ઉપવાસ) દ્વાદશ (પાંચ ઉપવાસ) અર્ધમાસ (પંદર ઉપવાસ) અને માસખમણ (મહિનાના ઉપવાસ)નું ફળ પામે છે. ૧૬-૧૭

**છટ્ઠેણં ભત્તેણં, અપાણેણં તુ સત્ત જત્તાઈ,**
**જો કુણઈ સેત્તુંજે, તઈયભવે લહઈ સો મુક્ખં. ૧૮**

જે ભવ્ય પ્રાણી ચોવિહારો છઠ કરીને શત્રુંજયની સાત યાત્રાઓ કરે તે ત્રીજે ભવ મોક્ષ પામે. ૧૮



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**અજ્જવિ દીસઈ લોએ, ભતં ચઈઉણ પુંડરિય નગે,**
**સગ્ગે સુહેણ વચ્ચઈ, સીલવિહુણો વિ હોઉણં. ૧૯**

આજે પણ લોકોમાં જોવામાં આવે છે કે જે પ્રાણી ભોજનનો ત્યાગ કરીને શત્રુંજય ઉપર અણસણ કરે છે તે આચાર રહિત હોય તો પણ સુખપૂર્વક સ્વર્ગે જાય છે. ૧૯.

**છત્તં ઝયં પડાગં, ચામર-ભિંગાર-થાલદાણેણં;**
**વિજ્જાહરો અ હવઈ, તહ ચક્કી હોઈ રહદાણા. ૨૦**

(આ તીર્થમાં) છત્ર-ધજા-પતાકા ચામર વીંજણો તથા થાળનું દાન આપવાથી (મનુષ્ય) વિદ્યાધર થાય છે અને રથનું દાન કરવાથી ચક્રવર્તી થાય છે. ૨૦

**દસ વીસ તીસ ચત્તા, લક્ખ પન્નાસા પુપ્ફદામણેણં;**
**લહઈ ચઉત્થ-છટ્ઠટ્ઠમ, દસમ દુવાલસ ફલઈ. ૨૧**

(આ તીર્થમાં) દસલાખ ફૂલની માળા ચઢાવવાથી એક ઉપવાસનું, વીસ લાખ ફૂલની માળાથી બે ઉપવાસનું, ત્રીસ લાખથી ત્રણ ઉપવાસનું ચાલીશ લાખથી ચાર ઉપવાસનું અને પચાસ લાખ ફૂલની માળાથી પાંચ ઉપવાસનું ફળ મળે છે. ૨૧

**ધુવે પક્ખુવવાસો, માસક્ખમણં કૂપરધુવમ્મિ,**
**કિત્તય માસક્ખમણં, સાહૂ પડિલાભએ લહઈ. ૨૨**

ન (આ તીર્થમાં) (કૃષ્ણાગરૂ વગેરે) ધૂપથી પંદર ઉપવાસનું, કપૂરથી મહિનાના ઉપવાસનું અને મુનિને દાન દેવાથી કેટલાક માસખમણનું ફળ થાય છે. ૨૨

**નવિ તં સુવણ્ણભૂમિ-ભૂસણાદાણેણ અન્ન તિત્થેસુ,**
**જં પાવઈ પુણ્ણફલં, પૂઆન્હવણેણ સિત્તુંજે. ૨૩**

શ્રી શત્રુંજય ઉપર પ્રભુપૂજા અને ન્હવણથી જે ફળ થાય છે, તે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ફળ અન્ય તીર્થોમાં સોનું, ભૂમિ, કે ભૂષણના દાનથી પણ નથી મળતું. ૨૩

કંતાર ચોર સાવય, સમુદ્ર-દારિદ્ર રોગ રિઉ-રૂદ્રા;
મુચ્ચંતિ અવિગ્ઘેણં, જે શેત્તુંજં ધરન્તિ મણે. ૨૪

જે પ્રાણી મનમાં શ્રી શત્રુંજય તીર્થનું ધ્યાન ધરે છે, તે નિર્વિઘ્નપણે અટવી-ચોર-સિંહ-સમુદ્ર-દારિદ્ર-રોગ-શત્રુ-અને અગ્નિના ભયોનો પાર પામે છે. ૨૪

સારાવલી પયન્નગ-ગાહાઓ સુઅહરેણ ભણિઆઓ;
જો પઢઈ ગુણઈ નિસુણઈ, સો લહઈ સેત્તુંજ જત્તફલં. ૨૫

સારાવલી પયન્નામાં પૂર્વધરે જે ગાથાઓ કહી છે, તે તે ગાથાઓ જે ભણશે ગણશે કે સાંભળશે, તે પ્રાણી શત્રુંજય તીર્થની યાત્રાનું ફળ પામશે. ૨૫

* * *



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પંડિત શ્રી વીરવિજયજી કૃત

# શ્રી સ્નાત્ર-પૂજા

## સ્નાત્રપૂજાનાં સાધનો, સામગ્રીઓ

### સાધનો

(૧) ત્રણ સુંદર બાજોઠ અને ધ્વજ સહિત સિંહાસન (૨) સિંહાસન આગળ મૂકવાની પાટલી અગર બાજોઠ (૩) પ્રતિમાજીની નાસિકા સુધીનો ઊંચો ઘીનો દીવો (૪) કળશો (૫) વૃષભ કળશ (૬) દીપક (૭) ધૂપદાનું (૮) દર્પણ (૯) ઘંટડી (૧૦) પંખો (૧૧) ચામર (૧૨) કંકાવટી (૧૩) કુંડી (૧૪) આરતિ (૧૫) મંગળ દીવો (૧૬) થાળી (૧૭) કાંસાની થાળી તથા વેલણ.

### સામગ્રીઓ

(૧) નાડાછડી (૨) ત્રણ અંગલૂંછણાં (૩) એક પાટલું છણ (૪) જળ (પાણી) (૫-૬) દૂધ-દહીં (૭) ઘી (૮) સાકર (૯) કેશર (૧૦) બરાસ (૧૧) પુષ્પ (૧૨) અક્ષત (ચોખા) (૧૩) કંકુ (૧૪) નૈવેદ્ય (૧૫) ફળ (૧૬) માટી (૧૭) મીંઠું (૧૮) કપૂર (૧૯) ધૂપ (અગરબત્તી વિગેરે) (૨૦) રૂપાનાણું (૨૧) કુસુમાંજલિ (અક્ષતને શુદ્ધ જળથી ધોઈ તેમાં કેસર ભેળવું (૨૨) રાખડી (નાનાછડીના નાના નાના શુદ્ધ જળથી ધોએલા ટુકડા (૨૩) શ્રીફળ.

### સ્નાત્ર ભણાવતાં પહેલાંની વિધિ

૧. પ્રથમ ત્રણ સુંદર બાજોઠ મૂકી તે ઉપર સિંહાસન મૂકવું. પછી દરેકને એક છેડે નાડાછડી બાંધવી.

૨. પછી નીચેની બાજોઠ ઉપર વચમાં કેસરનો સાથિયો કરી, ઉપર ચોખા પુરીને નાડાછડી બાંધેલું શ્રીફળ મૂકવું.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૩. સિંહાસનના મધ્ય ભાગમાં કેસરનો સાથિયો કરી ચોખા પુરી, રૂપાનાણું મૂકી, ત્રણ નવકાર ગણી, તેના ઉપર ધાતુના પ્રતિમાજી અને આગળ બીજો, સાથિયો કરી સિદ્ધચક્રજી પધરાવવા.

૪. પ્રતિમાજીની જમણી બાજુએ પ્રતિમાજીની નાસિકા સુધી ઊંચો ઘીનો દીવો મૂકવો.

૫. સિંહાસનની આગળ એક પાટલો મૂકી, તેના ઉપર કેસરના ત્રણ સાથિઆ કરી નાડાછડી બાંધેલા કળશો પંચામૃતથી [દૂધ, દહીં, સાકર, ઘી અને પાણી] ભરીને મૂકવા.

૬. કુસુમાંજલિ (કેસર, ચોખાનું મિશ્રણ) કરી પછી સ્નાત્રીયાએ જમણે હાથે નાડાછડી બાંધી ત્રણ નવકાર ગણી, પ્રતિમાજી તથા સિદ્ધચક્રજીને પ્રક્ષાલ અંગલૂંછણાં કરી, કેસર વડે પૂજા કરી પુરુષોએ જમણી બાજુ અને સ્ત્રીઓએ ડાબી બાજુ ઊભા રહેવું, પછી નમોઽર્હત્-સિદ્ધાચાર્યોપાધ્યાય સર્વ સાધુભ્યઃ, કહી સ્નાત્ર પૂજા શરૂ કરવી.

* * *

## શ્રી સ્નાત્ર-પૂજા

### (પ્રથમ કલશ લઈ ઉભા રહેવું.)

### કાવ્યં (દ્રુતવિલંબિતવૃત્તમ્)

સરસ-શાન્તિ-સુધારસ-સાગરં,
શુચિતરં ગુણરત્ન-મહાગરં;
ભવિકપંકજ-બોધ દિવાકરં,
પ્રતિદિનં પ્રણમામિ જિનેશ્વરં. ૧



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

### દૂહા

કુસુમાભરણ ઉતારીને, પડિમા ધરિય વિવેક;
મજ્જનપીઠે થાપીને, કરીયે જલ અભિષેક. ૨

કુસુમાંજલિની થાળી લઈ ઉભા રહેવું.

(અહીં જમણે અંગુઠે પ્રક્ષાલ, અંગલુંછણાં કરી પૂજા કરીને
કુસુમાંજલિની થાળી લઈ ઊભા રહેવું.)

### ગાથા આર્યા ગીતિ

જિણ જમ્મ સમયે મેરૂ સિહરે, રયણ કણય કલસેહિં;
દેવાસુરેહિન્હવિઉં, તે ધન્ના જેહિં દિઠ્ઠોસિ. ૩

### કુસુમાંજલિ

નિર્મલ જળ કલશે ન્હવરાવે, વસ્ત્ર અમૂલક અંગ ધરાવે;
કુસુમાંજલિ મેલો આદિ જિણંદા, સિદ્ધસ્વરૂપી અંગ પખાલી,
આતમ નિર્મલ હુઈ સુકુમાલી. કુસુમાંજલિ મેલો આદિ જિણંદા. ૪

(અહીં પ્રભુના જમણે અંગુઠે, કુસુમાંજલિ મૂકવી)

### ગાથા-આર્યા-ગીતી

મચકુંદ ચંપ માલઈ, કમલાઈ, પુપ્ફ પંચ વન્નાઈ;
જગનાહ ન્હવણ સમયે, દેવા કુસુમાંજલિ દિંતિ. ૫

નમોઽર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્ય :

### કુસુમાંજલિ

રયણ-સિંહાસન જિન થાપીજે, કુસુમાંજિલ પ્રભુ ચરણે દીજે;
કુસુમાંજલિ મેલો શાન્તિ જિણંદા. ૬

### દુહા

જિણ તિહું કાલય સિદ્ધની, પડિમા ગુણભંડાર;
તસુ ચરણે કુસુમાંજલિ ભવિક દુરિત હરનાર. ૭

નમોઽર્હત્ સિદ્ધાયાર્યોપાધ્યાયસર્વસાધુભ્ય:



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## કુસુમાંજલિ

કૃષ્ણાગરૂ વરધૂપ ધરીજે, સુગંધકર કુસુમાંજલિ દીજે;
કુસુમાંજલિ મેલો નેમિ જિણંદા. ૮

## ગાથા-આર્યા-ગીતી

જસુ પરિમલ બલ દહ દિસિ, મહુકર ઝંકાર સદ્દ સંગિયા;
જિણ ચલણોવરિ મુક્કા, સુરનર કુસુમાંજલિ સિદ્ધા. ૯

નમોऽર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્ય :

## કુસુમાંજલિ

પાસ જિણેસર જગ જયકારી, જલથલ ફૂલ ઉદક કરધારી;
કુસુમાંજલિ મેલો પાર્શ્વ જિણંદા. ૧૦

## દુહા

મૂકે કુસુમાંજલિ સુરા, વીર ચરણ સુકુમાલ;
તો કુસુમાંજલિ ભવિકનાં પાપ હરે ત્રણ કાલ. ૧૧

નમોऽર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ

## કુસુમાંજલિ

વિવિધ કુસુમ વર જાતિ ગહેવી, જિનચરણે પણમંત ઠવેવી;
કુસુમાંજિલ મેલો વીર જિણંદા. ૧૨

## વસ્તુ છંદ

ન્હવણકાળે ન્હવણકાળે; દેવદાણવ સમુચ્ચિય,
કુસુમાંજલિ તહિં સંઠવિય, પસરંત દિસિ પરિમલ સુગંધિય,
જિણ પયકમલે નિવડેઈ, વિગ્ઘહર જસ નામ મંતો;
અનંત ચઉવીસ જિન, વાસવ મલિય અસેસ;
સા કુસુમાંજલિ સુહકરો, ચઉવિહ સંઘ વિશેષ;
નમોऽર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ ૧૩



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## કુસુમાંજલિ

અનંત ચઉવીસી જિનજી જુહારૂં, વર્તમાન ચઉવીસી સંભારૂં;
કુસુમાંજલિ મેલો ચોવીસ જિણંદા. ૧૪

## દોહા

મહાવિદેહે સંપ્રતિ, વિહરમાન જિન વીશ;
ભક્તિ ભરે તે પૂજિયા, કરો સંઘ સુજગીશ. ૧૫

નમોઽર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ

## કુસુમાંજલિ

અપચ્છર મંડલી ગીત ઉચ્ચરા, શ્રી શુભ વીર વિજય જયકારા;
કુસુમાંજલિ મેલો સર્વ જિણંદા. ૧૬

(પછી સ્નાત્રીયા શ્રી શત્રુંજયના દુહા સિંહાસનની આજુબાજુ ત્રણ પ્રદક્ષિણા ફરતા બોલે.)

પછી સ્નાત્રીયા ત્રણ ખમાસમણ દઈ જગચિંતામણિનું ચૈત્યવંદન કરી ''નમુથ્થુણં'' કહી જય વીયરાય પર્યંત કહે, પછી હાથ ધૂપી, મુખકોશ બાંધી, કળશ લઈ ઊભા રહેવું.

## શ્રી શત્રુંજયના દુહા

અકેકું ડગલું ભરે, શેત્રુંજા સમો જેહ
ઋષભ કહે ભવ ક્રોડના, કર્મ ખપાવે તેહ. ૧

શેત્રુંજા સમો તીરથ નહિ, ઋષભ સમો નહિ દેવ,
ગૌતમ સરખા ગુરૂ નહિ, વળી બળી વંદુ તેહ. ૨

સિદ્ધાચળ સમરૂં સદા, સોરઠ દેશ મોઝાર,
મનુષ્ય જન્મ પામી કરી, વંદવાર હજાર. ૩



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સોરઠ દેશમાં સંચર્યો, ન ચઢ્યો ગઢ ગિરનાર,
શેત્રુંજી નદી નાહ્યો નહિ, તેનો એળે ગયો અવતાર. ૪
શેત્રુંજી નદીમાં નાહિને, મુખ બાંધી મુખ કોશ,
દેવ યુગાદિ પૂજીએ, આણી મન સંતોષ. ૫
જગમાં તીરથ દો વડા, શેત્રુંજ્ય ગિરનાર,
એક ગઢ ઋષભ સમોસર્યા, એક ગઢ નેમકુમાર. ૬
સિદ્ધાચળ સિદ્ધિવર્યા, ગ્રહી મુનિલિંગ અનંત,
આગે અનંતા સિદ્ધશે, પૂજો ભવિ ભગવંત. ૭
શેત્રુંજ્ય ગિરિ મંડણો, મરૂદેવાનો નંદ,
જુગલા ધર્મ નિવારકો, નમો યુગાદિ જિણંદ. ૮

## દુહા

સયલ જિણેસર પાય નમી, કલ્યાણક વિધિ તાસ,
વર્ણવતાં સુણતાં થકાં, સંઘની પૂરે આશ. ૧

[રાગ શંખેશ્વર પાર્શ્વજી]

સમક્તિ ગુણઠાણે પરિણમ્યા, વળી વ્રતધર સંયમ સુખ રમ્યા;
વીસસ્થાનિક વિધિએ તપ કરી, એસી ભાવદયા દીલમાં ધરી. ૧
જો હોવે મુજ શક્તિ ઈસી, સવિ જીવ કરું શાસન રસી;
શુચિ રસ ઢલતે તિહાં બાંધતાં, તીર્થંકર નામ નિકાચતાં. ૨
સરાગથી સંયમ આચરી, વચમાં એક દેવનો ભવ કરી;
ચવી પન્નર ક્ષેત્રે અવતરે મધ્યખંડે પણ રાજવી કુલે. ૩
પટરાણી કુખે ગુણનિલો, જેમ માનસરોવર હંસલો,
સુખ શય્યાએ રજનીશેષે, ઉતરતાં ચઉદ સુપન દેખે. ૪



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ચૌદ સ્વપ્ન

પહેલે ગજવર દીઠો, બીજે વૃષભ પઈઠો;
ત્રીજે કેસરી સિંહ, ચોથે લક્ષ્મી અબિહ. ૧

પાંચમે ફુલની માળા, છટ્ઠે ચંદ્ર વિશાળા;
રવિ રાતો ધ્વજ મોટો, પૂરણ કળશ નહિં છોટો ૨.

દશમે પદ્મસરોવર, અગિયારમે રત્નાકર;
ભુવન વિમાન રત્નગંજી, અગ્નિશિખા ધૂમવર્જી, ૩.

સ્વપ્ન લઈ જઈ રાયને ભાખે, રાજા અર્થ પ્રકાશે;
પુત્ર તીર્થંકર ત્રિભુવન નમશે, સકલ મનોરથ ફળશે. ૪

## છંદ

અવધિનાણે અવધિનાણે, ઉપન્યા જિનરાજ,
જગત જસ પરમાણુઆ, વિસ્તર્યા વિશ્વજંતુ સુખકાર;
મિથ્યાત્વ તારા નિર્બલા, ધર્મ ઉદય પરભાત સુંદર;
માતા પણ આનંદિયા જાગતી ધર્મ વિધાન;
જાણંતી જગતિલક સમો, હોશે પુત્ર પ્રધાન. ૧

## દોહા

શુભ લગ્ને જિન જનિમયા, નારકીમાં સુખ જ્યોત;
સુખ પામ્યા ત્રિભુવન જના, હુઓ જગત ઉદ્યોત ૧.

[રાગઃ પાર્શ્વશંખેશ્વરા]

સાંભળો કળશ જિન મહોત્સવનો ઈહાં,
છપ્પન કુમરી દિશિ વિદિશિ આવે તિહાં;
માય સુત નમિય, આણંદ અધિકો ધરે,
અષ્ટ સંવર્ત્ત વાયુથી કચરો હરે. ૧



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વૃષ્ટિ ગંધોદકે અષ્ટકુમરી કરે,
અષ્ટ કલશા ભરી, અષ્ટ દર્પણ ધરે;
અષ્ટ ચામર ધરે, અષ્ટ પંખા લહી,
ચાર રક્ષા કરી, ચાર દીપક ગ્રહી. ૨
ઘર કરી કેળના, માય સુત લાવતી;
કરણ શુચિ કર્મ જળ કલશે ન્હવરાવતી;
કુસુમ પૂજી અલંકાર પહેરાવતી,
રાખડી બાંધી જઈ શયન પધરાવતી. ૩
નમીય કહે માય ! તુજ બાળ લીલાવતી,
મેરૂ રવિ ચન્દ્ર લગે, જીવજો જગપતિ;
સ્વામી ગુણ ગાવતી, નિજ ઘરે જાવતી,
તિણે સમે ઈન્દ્ર સિંહાસન કંપતિ. ૪.

* * *

(ગીતિકા)

જિન જન્માજી, જિન વેળા જનની ઘરે,
તિણ વેળાજી, ઈન્દ્ર સિંહાસન થરહરે;
દાહિણોત્તરજી, જેતા જિન જનમે યદા;
દિશિનાયકજી, સોહમ ઈશાન બેહું તદા. ૧

છંદ

તદા ચિંતે ઈન્દ્ર મનમાં, કોણ અવસર એ બન્યો,
જિનજન્મ અવધિનાણે જાણી, હર્ષ આનંદ ઉપન્યો;
સુઘોષ આદે ઘંટનાદે, ઘોષણા સુરમેં કરે,
સવિ દેવી દેવા જન્મ મહોત્સવે, આવજો સુરગિરિવરે. ૨.

(અહીં ઘંટ વગાડવો.)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(ગીતિકા)

એમ સાંભળીજી, સુરવર કોડિ આવી મલે,
જન્મ મહોત્સવજી, કરવી મેરૂ ઉપર ચલે;
સોહમપતિજી; બહુ પરિવારે આવીયા,
માય જીનનેજી, વાંદી પ્રભુને વધાવીયા. ૩.

(અહીં પ્રભુને ચોખાથી વધાવવા)

છંદ

વધાવી બોલે હે રત્નકુક્ષી-ધારિણી ! તુજ સુત તણો,
હું શક્ર સોહમ નામે કરશું, જન્મ મહોત્સવ અતિ ઘણો,
એમ કહી જિન પ્રતિબિંબ સ્થાપી. પંચરૂપે પ્રભુ ગ્રહી,
દેવ-દેવી નાચે હર્ષ સાથે, સુરગિરિ આવ્યા વહી. ૪

(ગીતિકા)

મેરૂ ઉપરજી, પાંડુકવનમેં ચિહું દિશે,
શિલા ઉપરજી, સિંહાસન મન ઉલ્લસે;
તિહાં બેસીજી, શક્રે જિન ખોળે ધર્યા,
હરિ ત્રેસઠજી, બીજા તિહાં આવી મળ્યા. ૫

છંદ

મળ્યા ચોસઠ સુરપતિ તિહાં, કરે કળશ અડ જાતિના;
માગધાદિ જળ તીર્થ ઔષધિ ધૂપ વલી બહુ ભાતિના;
અચ્યુતપતિએ હુકમ કીનો, સાંભળો દેવા સવે,
ખીરજલધિ ગંગાનીર લાવો, ઝટિતિ જિન જન્મ મહોત્સવે. ૬



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

### (રાગઃ પ્રભુ પાસનું મુખડું જોવા)

સુર સાંભળીને સંચરીયા, માગધ વરદામે ચલીયા;
પદ્મદ્રહ ગંગા આવે; નિર્મલ જલ કલશ ભરાવે. ૧

તીરથ જલ ઔષધિ લેતા, વળી ક્ષીરસમુદ્રે જાતા;
જળ કલશા બહુલ ભરાવે, ફુલ ચંગેરી થાળ લાવે. ૨

સિંહાસન ચામર ધારી, ધુપધાણાં રકેબી સારી;
સિદ્ધાંતે ભાખ્યા જેહ, ઉપકરણ મિલાવે તેહ. ૩

તે દેવા સુરગિરિ આવે, પ્રભુ દેખી આનંદ પાવે;
કલશાદિક સહુ તિહાં ઠાવે, ભકતે પ્રભુના ગુણ ગાવે. ૪

### (રાગઃ- ઓ પરમ કૃપાળુ પરમેશ્વર)

આતમ ભક્તિ મળ્યા કેઈ દેવા, કેતા મિત્તનું જાઈ;
નારી પ્રેર્યા વળી નિજ કુલવટ, ધર્મી ધર્મ સખાઈ;
જોઈસ વ્યંતર ભુવનપતિના, વૈમાનિક સુર આવે,
અચ્યુતપતિ હુકમે ધરી કળશા, અરિહાને ન્હવરાવે. આતમ૦ ૧

અડજાતિ કળશા પ્રત્યેકે, આઠા આઠ સહસ પ્રમાણો,
ચઉસઠ સહસ હુઆ અભિષેકે, અઢીસેં ગુણા કરી જાણો;
સાઠ લાખ ઉપર એક કોડી, કળશાનો અધિકાર,
બાસઠ ઈંદ્ર તણા તિહાં બાસઠ લોકપાલના ચાર. આતમ૦ ૨

ચંદ્રની પંક્તિ છાસઠ છાસઠ રવિસેણી નરલોકો,
ગુરૂસ્થાનક સુર કેરો એક જ સામાનિકનો એકો;
સોહમપતિ ઈશાનપતિની ઈંદ્રાણીના સોળ,
અસુરની દસ ઈંદ્રાણી નાગની, બાર કરે કલ્લોલ. આતમ૦ ૩



For Private And Personal Use Only

જ્યોતિષ વ્યંતર ઈંદ્રની ચઉ ચઉ, પર્ષદા, ત્રણનો એકો,
કટકપતિ અંગરક્ષક કેરા; એક એક સુવિવેકો;
પરચુરણ સુરનો એક છેલ્લો; એ અઢીંસે અભિષેકો,
ઈશાન ઈંદ્ર કહે મુજ આપો; પ્રભુને ક્ષણ અતિરેકો. આતમ૦ ૪

તવ તસ ખોળે ઠવી અરિહાને સોહમપતિ મનરંગે,
વૃષભરૂપ કરી શૃંગજળે ભરી, ન્હવણ કરે પ્રભુ અંગે;
પુષ્પાદિક પૂજીને છાંઠે કરી કેસર રંગ રોલે,
મંગલ દીવો આરતી કરતાં, સુરવર જયજય બોલે. આતમ૦ ૫

ભેરી ભુંગલ તાલ બજાવત. વળીયા જિન કર ધારી,
જનની ઘર માતાને સોંપી, એણી પેરે વચન ઉચ્ચારી,
પુત્ર તમારો, સ્વામી હમારો અમ સેવક આધાર,
પંચધાવી રંભાદિક થાપી; પ્રભુ ખેલાવણ હાર. આતમ૦ ૬

બત્રીસ કોડી કનક મણી માણેક, વસ્ત્રની વૃષ્ટિ કરાવે,
પૂરણ હર્ષ કરેવા કારણ દ્વીપ નંદીસર જાવે;
કરી અઠ્ઠાઈ ઉત્સવ દેવા, નિજ નિજ કલ્પ સધાવે;
દીક્ષા કેવલને અભિલાષે, નિત નિત જિન ગુણ ગાવે. આતમ૦ ૭

તપગચ્છ ઈસર સિંહ સૂરીશ્વર કેરા, શિષ્ય વડેરા,
સત્યવિજય પંન્યાસ તણે પદ, કર્પૂર વિજય ગંભીર;
ખીમાવિજય તસ સુજસવિજયના, શ્રી શુભવિજય સવાયા,
પંડિત વીર વિજય તસ શિષ્યે જિન જન્મ મહોત્સવ ગાય. આતમ૦ ૮

ઉત્કૃષ્ટા એકસોને સીત્તેર સંપ્રતિ વિચરે વીશ,
અતીત અનાગત કાળે અનંતા, તીર્થંકર જગદીશ;



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સાધારણ એ કળશ જે ગાવે, શ્રી શુભવીર સવાઈ,
મંગલ લીલા સુખભર પાવે, ઘર ઘર હર્ષ વધાઈ. આતમ૦ ૯

## શ્રી સ્નાત્રપૂજા સમાપ્ત

પછી સ્નાત્રીયાઓએ પ્રભુજીને અષ્ટ પ્રકારી પૂજા કરી, લુણ, -ઉતારી, આરતિ-મંગળદીવો ઉતારવો.

પછી ત્રણ નવકાર, ઉવસગ્ગહરં તથા મોટી શાંતિ બોલી શાંતી કલશ કરવો.

પછી ચૈત્યવંદન કરી પ્રભુજીને અક્ષતથી વધાવવા.

## ૧. નમસ્કાર મહામંત્ર

નમો અરિહંતાણં. નમો સિદ્ધાણં. નમો આયરિયાણં. નમો ઉવજ્ઝાયાણં. નમો લોએ સવ્વસાહૂણં. એસો પંચ નમુક્કારો. સવ્વપાવપ્પણાસણો. મંગલાણં ચ સવ્વેસિં. પઢમં હવઈ મંગલં.

## ૨. ઉવસગ્ગહરં સ્તોત્ર

ઉવસગ્ગહરંપાસં, પાસં વંદામિકમ્મઘણમુક્કં,
વિસહરવિસનિન્નાસં મંગલકલ્લાણ આવાસં ॥૧॥
વિસહરફુલિગમંતં, કંઠે ધારેઈ જો સયા મણુઓ ।
તસ્સ ગહરોગમારી દુટ્ઠ જરા જંતિ ઉવસામં ॥૨॥
ચિટ્ઠઉ દૂરે મંતો, તુજ્ઝ પણામો વિ બહુફલો હોઈ ।
નરતિરિએસુ વિ જીવા, પાવંતિ, ન દુક્ખ-દોગચ્ચં ॥૩॥
તુહ સમ્મત્તે લધ્ધે, ચિંતામણિકપ્પપાયવબ્ભહિએ ।
પાવંતિ અવિગ્ઘેણં, જીવા અયરામરં ઠાણં ॥૪॥
ઈઅ સંથુઓ મહાયસ, ભત્તિબ્ભરનિબ્ભરેણ હિયએણ ।
તા દેવ ! દિજ્જબોહિં, ભવે ભવે પાસ જિણચંદ ॥૫॥



For Private And Personal Use Only

# બૃહત્શાંતિ પાઠ

ભો ભો ભવ્યા ! શૃણુત વચનં પ્રસ્તુતં સર્વમેતદ્,
યે યાત્રાયાં ત્રિભુવન ગુરો-રાર્હતા ભક્તિભાજ,
તેષાં શાંતિર્ભવતુ ભવતા-મર્હદાદિ-પ્રભાવા,
દારોગ્યશ્રી-ધૃતિ મતિ-કરી ક્લેશ-વિધ્વંસહેતુ. ૧

ભો ભો ભવ્યલોકા ! ઈહ હિ ભરતૈરાવતવિદેહસંભવાનાં સમસ્ત-તીર્થકૃતાં જન્મન્યાસન-પ્રકંપાનંતર-મવધિના વિજ્ઞાય, સૌધર્માધિપતિઃ સુઘોષાઘંટા-ચાલનાનંતરં સકલસુરા સુરેન્દ્રૈઃ સહ સમાગત્ય, સવિનયમર્હદ્ભટ્ટારકં ગૃહીત્વા ગત્વા કનકાદ્રિ-શૃંગે, વિહિત જન્માભિષેકઃ શાંતિમુદ્ઘોષયતિ, યથા તતોડહં કૃતાનુકારમિતિ કૃત્વા મહાજનો યેન ગતઃ સ પંથા, ઈતિ ભવ્યજનૈઃ: સહ સમેત્ય, સ્નાત્રપીઠે સ્નાત્રં વિધાય શાંતિમુદ્ઘોષયામિ તત્પૂજા યાત્રા-સ્નાત્રાદિ-મહોત્સવાનંતર-મિતિ કૃત્વા કર્ણં દત્વા નિશમ્યતાં નિશમ્યતાં સ્વાહા. ૨

ૐ પુણ્યાહં પુણ્યાહં પ્રીયંતાં પ્રીયંતાં ભગવંતોડર્હન્તઃ સર્વજ્ઞઃ સર્વદર્શિન-સ્ત્રિલોકનાથાસ્ત્રિલોકમહિતાસ્ત્રિલોકપૂજ્યા-સ્ત્રિલોકેશ્વરા-સ્ત્રિ લોકોદ્યોતકરાઃ ૩

ૐઋષભ-અજિત-સંભવ-અભિનંદન-સુમતિ-પદ્મપ્રભસુપાર્શ્વ-ચંદ્ર-પ્રભ-સુવિધિ-શીતલ-શ્રેયાંસ-વાસુપૂજ્ય-વિમલ-અનંત-ધર્મ-શાંતિ-કુંથુ-અર -મલ્લિ-મુનિ-સુવ્રત-નમિ-નેમિ-પાર્શ્વવર્દ્ધમાનાંતા જિનાઃ શાંતાઃ ? શાંતિકરા ભવંતુ સ્વાહા. ૪

ૐ મુનયો મુનિપ્રવરા રિપુ-વિજય-દુર્ભિક્ષ-કાંતારેષુ દુર્ગમાર્ગેષુ રક્ષંતુ વો નિત્યં સ્વાહા. ૫

ૐ હ્રીં શ્રીં-ધૃતિ-મતિ-કીર્ત્તિ-કાંતિ-બુદ્ધિ-લક્ષ્મી-મેધાવિદ્યાસાધન-પ્રવેશ-નિવેશનેષુ સુગૃહીત-નામાનો જયંતુ તે જિનેંદ્રાઃ. ૬



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ૐ રોહિણી પ્રજ્ઞપ્તિ વજ્રશૃંખલા વજ્રાંકુશી અપ્રતિચક્રા પુરુષદત્તા કાલી મહાકાલી ગૌરી ગાંધારી સર્વાસ્ત્રામહાજ્વાલા માનવી વૈરોટ્યા અચ્છુપ્તા માનસી મહામાનસીષોડશ વિદ્યાદેવ્યો રક્ષંતુ વો નિત્યં સ્વાહા. ૭

ૐ આચાર્યોપાધ્યાય-પ્રભૃતિ-ચાતુર્વર્ણસ્ય શ્રી શ્રમણ-સંઘસ્ય શાંતિર્ભવતુ તુષ્ટિર્ભવતુ પુષ્ટિર્ભવતુ. ૮

ૐ ગ્રહાશ્ચંદ્ર-સૂર્યાંગારક-બુધ-બૃહસ્પતિ શુક્રશનૈશ્ચર-રાહુ-કેતુ-સહિતાઃ સલોકપાલાઃ સોમ યમ-વરુણ-કુબેર-વાસવાદિત્ય-સ્કંદ વિનાયકોપેતાઃ યે ચાન્યેઽપિ ગ્રામ-નગર-ક્ષેત્રદેવતાદયસ્તે સર્વે પ્રીયંતાં પ્રીયંતાં અક્ષીણ-કોશ-કોષ્ઠાગારા નરપતયશ્ચ ભવંતુ સ્વાહા. ૯

ૐ પુત્ર મિત્ર-ભ્રાતૃ-કલત્ર-સુહૃત્-સ્વજન-સંબંધિ-બંધુવર્ગ-સહિતાઃ નિત્યં ચામોદ-પ્રમોદ કારિણઃ અસ્મિંશ્ચ ભૂમંડલાયતન-નિવાસી-સાધુ-સાધ્વી-શ્રાવક શ્રાવિકાણાં રોગોપસર્ગ-વ્યાધિ દુઃખ દુર્ભિક્ષ-દૌર્મનસ્યોપશમનાય શાંતિર્ભવતુ. ૧૦

ૐ તુષ્ટિ-પુષ્ટિ-ઋદ્ધિ-વૃદ્ધિ માંગલ્યોત્સવાઃ, સદા પ્રાદુર્ભૂતાનિ પાપાનિ શામ્યંતુ દુરિતાનિ, શત્રવઃ પરાઙ્ગુખા ભવંતુ સ્વાહા. ૧૧

શ્રીમતે શાંતિનાથાય, નમઃ શાંતિ વિધાયિને,
ત્રૈલોક્યસ્યાઽમરાધીશ, મુકુટાભ્યર્ચિતાંઘ્રયે. ૧
શાંતિઃ શાંતિકરઃ શ્રીમાન્, શાંતિ દિશતુ મે ગુરુઃ,
શાંતિરેવ સદા તેષાં, યેષાં શાંતિ-ર્ગૃહે ગૃહે. ૨
ઉન્મુષ્ટ-રિષ્ટ-દુષ્ટ, ગ્રહગતિ-દુઃસ્વપ્ન-દુર્નિમિત્તાદિ,
સંપાદિત- હિત-સંપન્નામગ્રહણં જયતિ શાંતેઃ. ૩
શ્રી સંઘ-જગજ્જનપદ, રાજાધિપ-રાજસન્નિવેશાનામ્,
ગોષ્ઠિક-પુરમુખ્યાણાં વ્યાહરણૈ-વ્યાહરેચ્છાંતિમ્. ૪
શ્રી શ્રમણ-સંઘસ્ય શાંતિર્ભવતુ,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રીજનપદાનાં શાંતિર્ભવતુ,

શ્રીરાજાધિપાનાં શાંતિર્ભવતુ,

શ્રી રાજસન્નિવેશાનાં શાંતિર્ભવતુ,

શ્રી ગોષ્ઠિકાનાં શાંતિર્ભવતુ,

શ્રી પૌરમુખ્યાણાં શાંતિર્ભવતુ,

શ્રી પૌરજનસ્ય શાંતિર્ભવતુ,

શ્રી બ્રહ્મલોકસ્ય શાંતિર્ભવતુ,

ૐ સ્વાહા ૐ સ્વાહા ૐ શ્રી પાર્શ્વનાથાય સ્વાહા.

એષા શાંતિઃ પ્રતિષ્ઠા-યાત્રા-સ્નાત્રાદ્યવસાનેષુ શાંતિકલશં ગૃહીત્વા કુંકુમ - ચંદન - કર્પૂરાગરુ - ધૂપ - ધૂપ - વાસ - કુસુમાંજલિ - સમેત, સ્નાત્ર - ચતુષ્કિકાયાં શ્રીસંઘ-સમેતઃ શુચિશુચિવપુઃ પુષ્પ- વસ્ત્રચંદના-ભરણા-લંકૃતઃ પુષ્પમાલાં કંઠે કૃત્વા શાંતિમુદ્‌ઘોષયિત્વા શાંતિપાનીયં મસ્તકે દાતવ્યમિતિ.

નૃત્યંતિ નૃત્યં મણિ-પુષ્પ-વર્ષં, સૃજંતિ ગાયંતિ ચ મંગલાનિ, સ્તોત્રાણિ ગોત્રાણિ પઠંતિ મંત્રાન્, કલ્યાણભાજો હિ જિનાભિષેકે. ૧

શિવમસ્તુ સર્વજગતઃ, પરહિત-નિરતા ભવંતુ ભૂતગણાઃ, દોષાઃ પ્રયાંતુ નાશં, સર્વત્ર સુખીભવતુ લોકઃ. ૨

અહં તિત્થયર-માયા, સિવાદેવી તુમ્હ નયરનિવાસિની, અમ્હ સિવં તુમ્હ સિવં અસિવોવસમં સિવં ભવતુ સ્વાહા. ૩

ઉપસર્ગાઃ ક્ષયં યાંતિ, છિદ્યંતે વિઘ્નવલ્લયઃ, મનઃ પ્રસન્નતામેતિ, પૂજ્યમાને જિનેશ્વરે. ૪

સર્વમંગલ-માંગલ્યં, સર્વકલ્યાણ-કારણમ્, પ્રધાનં સર્વધર્માણાં જૈનં જયતિ શાસનમ્.

* * *



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## સ્તવન-૧

શેત્રુંજાગઢના વાસી રે, મુજરો માનજો રે;
સેવકની સુણી વાતો રે, દિલમાં ધારજો રે.
પ્રભુ મેં દીઠડો તુમ દેદાર,
આજ મને ઉપન્યો હરખ અપાર;
સાહિબાની સેવા રે, ભવદુઃખ ભાંજશે રે,
દાદાજીની સેવા રે, દુર્ગતિ વારશે રે,
પ્રભુજીની સેવા રે, પાર ઉતારશે રે. ૧

એક અરજ અમારી રે, દિલમાં ધારજ્યો રે,
ચોરાશી લાખ ફેરા રે, દુર નિવારજ્યો રે;
પ્રભુ મને દુર્ગતિ પડતો રાખ,
દરિસણ વ્હેલું રે દાખ. સાહિબા. ૨

દોલત સવાઈ રે સોરઠ દેશની રે,
બલિહારી હું જાઉં રે, પ્રભુ તારા વેશની રે;
પ્રભુ તારૂં રૂડું દીઠું રૂપ, મોહ્યા સુરનરવૃન્દને ભૂપ સાહિબા. ૩

તીરથ ન કોઈ રે, શેત્રુંજા સારિખું રે;
પ્રવચન પેખીને કીધું તારૂં પારખું રે;
ઋષભને જોઈ જોઈ હરખે જેહ,
ત્રિભુવન લીલા પામે તેહ, સાહિબા. ૪

ભવોભવ માંગું રે, પ્રભુ તારી સેવના રે,
ભાવઠ ન ભાંગે રે જગમાં જે વિના રે;
પ્રભુ મારા પહોતા મનના કોડ,
એમ કહે ઉદયરતન કરજોડ. સાહિબા. ૫



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## સ્તવન-૨
### (રાગ-ભૈરવી-આશાવરી વાઘેશ્વરી)

વિમલગિરિ ક્યું ન ભયે હમ મોર.
સિદ્ધવડ રાયણ રૂખકી શાખા, ઝૂલત કરત ઝકોર. વિ૦ ૧.
આવત સંઘ રચાવત અંગીયા, ગાવત ગુણ ઘનઘોર વિ૦ ૨.
હમભી છત્ર કલા કરી નિરખત, કટને કર્મ કઠોર. વિ૦ ૩.
મૂરત દેખ સદા મન હરખે, જૈસે ચંદ ચકોર. વિ૦ ૪.
શ્રી રિસહેસર દાસ તિહારો, અરજ કરત કરજોર. વિમલાગિરિ૦ ૫

## સ્તવન-૩

આજ મારા નયણાં સફળ થયા, શ્રી સિદ્ધાચલ નિરખી;
ગિરિને વધાવું મોતીડે, મારા હૈયામાં હરખી. આજ૦ ૧

ધન્ય ધન્ય સોરઠ દેશને, જિહાં એ તીરથ જોડી,
વિમલાચલ ગિરનારને, વંદુ બે કર જોડી. આજ૦ ૨

સાધુ અનંતા ઈણગિરિ, સિધ્યા અણસણ લેઈ;
રામ પાંડવ નારદઋષિ, બીજા મુનિવર કેઈ. આજ૦ ૩

માનવભવ પામી કરી, નવિ એ તીરથ ભેટે;
પાપકરમ જે આકરાં, કહો કેણી પેરે મેટે. આજ૦ ૪

તીર્થરાજ સમરૂં સદા, સારે વંછિત કાજ;
દુઃખ દોહગ દૂરે કરી; આપે અવિચલ રાજ. આજ૦ ૫

સુખ અભિલાષી પ્રાણીયા, વંછે અવિચલ સુખડાં,
માણેકમુનિ ગિરિ ધ્યાનથી, ભાંગે ભવોભવ દુઃખડા. આજ૦ ૬



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## સ્તવન-૪

જાત્રા નવ્વાણું કરિયે વિમલગિરિ, જાત્રા નવ્વાણું કરિયે વિમલગિરિ...
કરીએ તો ભવજલ તરિયે વિમલગિરિ... જાત્રા.
પૂરવ નવાણું વાર શેત્રુંજાગિરિ, ઋષભજિણંદ સમોસરીયે; વિમલ૦
કોડી સહસ ભવ પાતક ત્રુટે, શત્રુંજય સામો ડગ ભરીયે વિમલ૦ ૧.

સાત છઠ્ઠ દોય અઠ્ઠમ તપસ્યા, કરી ચઢીયે ગિરિવરિયે; વિમલ૦
પુંડરીક પદ જપીએ મન હરખે, અધ્યવસાય શુભ ધરીયે. વિમલ૦૨.

પાપી અભવ્ય ન નજરે દેખે, હિંસક પણ ઉદ્ધરીયે; વિમલ૦
ભૂમિસંથારો ને નારીતણો સંગ, દૂર થકી પરિહરિયે. વિમલ૦ ૩,

સચિત્ત પરિહારીને એકલઆહારી, ગુરૂ સાથે પદ ચરીયે; વિમલ૦
પડિક્કમણાં દોય વિધિશું કરીએ, પાપપડલ વિખરીયે. વિમલ૦ ૪.

કલિકાળે એ તીરથ મહોટું, પ્રવહણ જિમ ભરદરીયે; વિમલ૦
ઉત્તમ એ ગિરિવર સેવંતા 'પદ્મ' કહે ભવ તરીયે, વિમલગિરિ૦ ૫.

## સ્તવન-૫

આંખડીયે રે મેં આજ, શત્રુંજ્ય દીઠો રે;
સવા લાખ ટકાનો દહાડો રે, લાગે મુને મીઠો રે.
સફળ થયો મારા મનનો ઉમાહો, ભવનો સંશય ભાંગ્યો રે;
નરક તિર્યંચ ગતિ દૂર નિવારી, ચરણે પ્રભુજીને લાગ્યો રે. શ૦૧.

માનવ ભવને લાહો લીજે, દેહડી પાવન કીજે રે;
સોના રૂપાના ફૂલડે વધાવી, પ્રેમે પ્રદક્ષિણા દિજે રે. શ૦ ૨.

દૂધડે પખાડીને કેસર ઘોળી, શ્રી આદિશ્વર પૂજ્યા રે;
શ્રી સિધ્ધાચલ નયણે જોતાં પાપ મેવાસી ધ્રૂજ્યા રે. શ૦ ૩.



For Private And Personal Use Only

શ્રીમુખ સુધર્મા સુરપતિ આગે, વીરજિણંદ એમ બોલે રે;
ત્રણ ભુવનમાં તીરતથ મોટું, નહિં કોઈ શત્રુંજ્ય તોલે રે. શ૦૪

ઈંદ્રસરીખા એ તીરથની, ચાકરી ચિત્તમાં ચાહે રે;
કાયાની તો કાસલ કાઢી, સુરજકુંડમાં નાહે રે. શ૦૫

કાંકરે કાંકરે શ્રી સિધ્ધક્ષેત્રે, સાધુ અનંતા સિધ્યા રે;
તે માટે એ તીરથ મોટું, ઉધ્ધાર અનંત કીધા રે. શ૦૬

નાભિરાયા સુત નયણે જોતાં, મેહ અમીરસ વૂઠ્યા રે
'ઉદયરતન'કહે આજ મારે પોતે, શ્રી આદીશ્વર તૂઠ્યા રે શ૦૭

## સ્તવન-૬

સિદ્ધાચલના વાસી વિમલાચલના વાસી, જિનજી પ્યારા
આદિનાથને વંદન હમારા.
પ્રભુજીનું મુખડું મલકે નયનોમાંથી વરસે અમીધારા. આદિ૦ ૧.

પ્રભુજીનું મુખડું મન સે મિલાકર, દિલમેં ભક્તિની જ્યોત જગાકર;
ભજીલો પ્રભુને ભાવે, દુર્ગતિ કદિ ના આવે. જિનજી૦ ૨.

ભમીને લાખ ચોરાશી હું આયો, પુણ્યે દર્શન તુમારા પાયો;
ધન્ય દિવસ મારો, ભવના ફેરા ટાળો. જિનજી૦ ૩.

અમે તો માયાના વિલાસી, તમે તો મુક્તિપુરીના વાસી
કર્મબંધન કાપો, મોક્ષ સુખ આપો જિનજી૦ ૪.

અરજી ઉરમાં ધરજો અમારી, અમને આશા છે પ્રભુજી તમારી;
કહે 'હર્ષ' હવે સાચા સ્વામી તમે, વંદન કરીએ અમે,
જિનજી પ્યારા, આદિનાથને વંદન હમારા૦ ૫.



For Private And Personal Use Only

## સ્તવન-૭

મનના મનોરથ સાવિ ફળ્યા એ, સિદ્ધયા વાંછિતકાજ
પૂજો એ ગિરિરાજને એ૦
પ્રાયેઃ એ ગિરિ શાશ્વતો એ, ભવજલ તરણ જહાજ,
પૂજો ગિરિરાજને એ૦ ૧.

મણિ માણેક મુક્તાફલે એ, રજત કનકનાં ફૂલ, પૂજો.
કેસર ચંદન ઘસી ઘણાએ, બીજી વસ્તુ અમૂલ. પૂજો૦ ૨.

છઠ્ઠે અંગે દાખીયોએ, આઠમે અંગે લાખ, પૂજો
સ્થિરાવલી પયન્ને વર્ણવીયો એ, એ આગમની સાખ. પૂજો૦ ૩.

નિમલ કરે ભવિલોકને એ, તેણે વિમલાચલ જાણ. પૂજો.
શુક રાજાથી વિસ્તર્યો એ, શત્રુંજ્ય ગુણખાણ. પૂજો૦ ૪.

પુંડરીક ગણધરથી થયો એ, પુંડરીકગિરિ ગુણધામ. પૂજો.
સુરનર કૃત એમ જાણીયે એ,ઉત્તમ એકવીસ નામ. પૂજો૦ ૫.

એ ગિરિવરના ગુણ ઘણાંએ, નાણીએ નવિ કહેવાય, પૂજો
જાણે પણ કહી નવિ શકે એ, મૂક ગુડને ન્યાય. પૂજો૦ ૬.

ગિરિવર ફરસન નવિ કર્યો એ, તે રહ્યો ગર્ભાવાસ. પૂજો.
નમન દરસન ફરસન કર્યો એ, પૂરે મનની આશ. પૂજો૦ ૭.

આજ મહોદય મેં લહ્યો એ, પામ્યો પદ રસાળ, પૂજો.
મણિ ઉદ્યોતગિરિ સેવતાં એ, ઘેર ઘર મંગલમાળ. પૂજો૦ ૮.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## સ્તવન-૮

### (રાગ-માતા ત્રિશલાજીના નંદ)

માતા મરૂદેવીના નંદ,
દેખી તાહરી મૂરતી મારૂં મન લોભાણું જી
કરણા નાગર કરૂણા સાગર, કાયા કંચનવાન;
ધોરી લંછન પાઉલે કાંઈ, ધનુષ પાંચસેં માન, માતા.૧

ત્રિગડે બેસી ધર્મ કહંતા, સુણે પર્ષદા બાર;
જોજનગામિની વાણી મીઠી, વરસંતી જલધાર. માતા. ૨

ઉર્વશી રૂડી અપચ્છરા ને, રામા છે મનરંગ;
પાયે નેઉર રણઝણે કાંઈ, કરતી નાટારંભ. માતા. ૩

તુંહી બ્રહ્મા તુંહી વિધાતા, તું જગતારણહાર;
તુજ સરીખો નહિં દેવ જગતમાં, અડવડીયો આધાર. માતા. ૪

તુંહી ભ્રાતા તુંહીં ત્રાતા, તું હી જગતો દેવ;
સુરનર કિન્નર વાસુદેવા, કરતાં તુજ પદ સેવ. માતા. ૫

શ્રી સિધ્ધાચલ તીરથ કેરો, રાજા ૠષભજિણંદ;
કીર્તિ કરે માણેકમુનિ તાહરી, ટાળો ભવભય ફંદ. માતા. ૬

## સ્તવન-૯

### (રાગ-શાસ્ત્રીય)

તુમ દરિસણ ભલે પાયો, પ્રથમજિન ! તુમ દરિસણ ભલે પાયો.
નાભિ નરેસર નંદન નિરૂપમ, માતા મરૂદેવી જાયો. પ્ર૦ ૧.

આજ અમીરસ જલધર વુઠો, માનું ગંગાજલે ન્હાયો;
સુરતરૂ સુરમણિ પ્રમુખ અનુપમ, તે સવિ આજ મેં પાયો. પ્ર૦ ૨



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

યુગલાધર્મ નિવારણ તારણ, જગજસ મંડપ છાયો;
પ્રભુ તુજ શાસન વાસન સમકિત, અંતરવૈરી હરાયો. પ્ર૦ ૩.
કુદેવ કુગુરૂ કુધર્મની વાસે, મિથ્યામતમેં ફસાયો;
મેં પ્રભુ આજ સેં નિશ્ચય કીનો, સવિ મિથ્યાત્વ ગમાયો. પ્ર૦ ૪.

બેર બેર કરૂં વિનતિ ઈતની, તુમ સેવારસ પાયો;
જ્ઞાનવિમલ પ્રભુ સાહિબ નજરે, સમકિત પૂરણ સવાયો.
પ્રથમજિન૦ ૪.

## સ્તવન-૧૦

### (રાગ-ભીમપલાસ)

તું ત્રિભુવન સુખકાર, ઋષભજિન તું ત્રિભુવન સુખકાર.
શત્રુંજયગિરિ શણગાર, ઋષભ. ભૂષણ ભરત મોઝાર.
આદિ પુરૂષ અવતાર. ઋષભજિન૦ ૧.

તુમચરણે પાવન કર્યું રે, પૂરૂ નવાણું વાર;
તેણે તીરથ સમરથ થયું રે, કરવા જગત ઉદ્ધાર૦ ૨.

અવર તે ગિરિ વર્વતે વડો રે, એહ થયો ગિરિરાજ;
સિદ્ધ અનંતા ઈહાં થયા રે, વળી આવ્યા અવર જિનરાજ ૩.

સુંદરતા સુરસદનથી રે, અધિક જિહાં પ્રાસાદ.
બિંબ અનેકે શોભતા રે દીઠે ટળે વિખવાદ ઋષભ. ૪.

ભેટણ કાજે ઉમહ્યા રે, આવે સવિ ભવિલોક;
કલિમલ તસ અડકે નહિં રે, જ્યું સોવન ધન રોક ૫.

જ્ઞાનવિમલ પ્રભુ જસશિરે રે, તસ ખસે ભવ પરવાહ;
કરતલ ગત શિવસુંદરી રે, મળે સહજ ધરી ઉચ્છાહ, ઋષભજિન ૬.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## સ્તવન-૧૧
## (રાગ-આશાવરી)

ઋષભદેવ હિતકારી જગતગુરૂ ઋષભદેવ હિતકારી;
પ્રથમ તીર્થંકર પ્રથમ નરેસર, પ્રથમયતિ વ્રતધારી. જગત. ૧
વરસીદાન દેઈ તુમ જગમેં, ઈલિતિ ઈતિ નિવારી;
તૈસી કાહી કરતુ નહિં કરૂણા, સાહિબ બેર હમારી. જગત. ૧

માગત નહિં હમ હાથી ઘોડે, ધન કંચન નારી;
દીઓ મોહે ચરણ કમલકી સેવા, યાહિ લગત મોહે પ્યારી જગત. ૩

ભવલીલા વાસિત સુર ડારે, તું પર સબહિ ઉવારી;
મેં મેરો મન નિશ્ચલ કીનો, તુમ આણા શિરધારી જગત. ૪

એસો સાહિબ નહિ કોઈ જગમેં, યાસું હોય દિલદારી;
દિલહી દલાલ પ્રેમકે બિચે, તિહાં હઠ ખેંચે ગમારી. જગત. ૫

તુમહિ સાહિબ મેં હું બંદા, યા મત દીઓ વિસારી;
શ્રી નયવિજય વિબુધ સેવકકે, તુમ હો પરમ ઉપકારી. જગત. ૬

## સ્તવન-૧૨

બાલપણે આપણ સસનેહી, રમતા નવ નવ વેશે;
આજ તુમે પામ્યા પ્રભુતાઈ, અમો તો સંસારી નિવેશે,
હો જિનજી ઓલંભડે મત ખીજો. ૧

જો તુમ ધ્યાતા શિવસુખ લહીયે, તો તુમને કેઈ ધ્યાવે;
પણ ભવસ્થિતિ પરિપાક થયા વિણ, કોઈ ન મુગતિ જાવે. ૨

સિદ્ધનિવાસી લહે ભવસિધ્ધિ, તેમાં શ્યો પાડ તુમારો; ?
તો ઉપકાર તુમારો વહીયે અભવ્ય સિધ્ધને તારો. ૩



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નાણરયણ પામી એકાંતે, થઈ બેઠા મેવાસી;
તે માહેલો એક અંશ જો આપો, તે વાતે શાબાશી ૪

અક્ષય પદ દેતાં ભવિજનને, સંકીર્ણતા નવિ થાયે;
શિવપદ દેવા જો સમરથ છો, તો જશ લેતાં શું જાયે. ૫
સેવાગુણં રંજ્યો ભવિજનને જો તુમે કરો વડભાગી;
તો તુમે સ્વામી કેમ કહાવો, નિર્મમ ને નિરાગી. ૬

નાભિનંદર જગવંદન પ્યારો, જગગુરૂ જગહિતકારી;
રૂપવિબુધનો મોહન પભણે, વૃષભ લંછન બલિહારી
હો પ્રભુજી ! ઓલંભડે મત ખીજો. ૭

## સ્તવન-૧૩

ઋષભ જિનરાજ મુજ આજ દિન અતિ ભલો,
ગુણનીલો જેણે તુજ નયણ દીઠો,
દુઃખ ટલ્યા સુખ મલ્યા, સ્વામિ ! તુ જ નિરખતાં,
સુકૃત સંચય હુઓ પાપ નીઠો. ઋષભ૦ ૧

કલ્પશાળી ફળ્યો કામઘટ મુજ મળ્યો,
આંગણે અમીયનો મેહ વુઠ્યો,
મુજ મહીરાણ મહી-ભાણ તુજ દર્શને,
ક્ષય ગયો કુમતિ અંધાર જુઠો. ઋષભ૦ ૨

કવણ નર કનકમણિ છોડી તૃણ સંગ્રહે,
કવણ કુંજર તજી કરહ લેવે,
કવણ બેસે તજી કલ્પતરૂ બાઉલે,
તુજ તજી અવર સુર કોણ સેવે ? ઋષભ૦ ૩



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એક મુજ ટેક સુવિવેક સાહિબ સદા,
તુજ વિના દેવ દૂજો ન ઈહું,
તુજ વચન રાગ સુખ સાગરે ઝીલતો,
કર્મભર ભ્રમથકી હું ન બીહું. ઋષભ૦ ૪

કોડી છે દાસ વિભુ ! તાહરે ભલભલા,
માહરે દેવ તું એક પ્યારો,
પતિત પાવન સમો જગત ઉદ્ધારક,
મહેર કરી મોહે ભવજલધિ તારો. ઋષભ૦ ૫

મુક્તિથી અધિક તુજ ભક્તિ મુજ મનવસી,
જેહશું સબલ પ્રતિબંધ લાગો,
ચમક પાષાણ જેમ લોહને ખિંચશે,
મુક્તિને સહજ તુજ ભક્તિ રાગો. ઋષભ૦ ૬

ધન્ય ને કાય જેણે પાય તુજ પ્રણમિયે.
તુજ થુણે જેહ ધન્ય ધન્ય જીહા,
ધન્ય જે હૃદય જેણે તુજ સમરતાં,
ધન્ય તે રાત ને ધન્ય દિહાં. ઋષભ૦ ૭

ગુણ અનંતા સદા તુજ ખજાને ભર્યા,
એક ગુણ દેત મુજ શું વિમાસો ?
રયણ એક દેત શી હાણ રયણાયરે ?
લોકની આપદા જેણે નાસો. ઋષભ૦ ૮

ગંગ સમ રંગ તુજ કીર્તિ કલ્લોલિની,
રવિ થકી અધિક તપ તેજ તાજો,
નય વિજય વિબુધ સેવક હું આપરો,
'જશ' કહે અબ મોહે બહુ નિવાજો. ઋષભ૦ ૯



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## સ્તવન-૧૪

# શ્રી આદિશ્વર ભગવાનને વિનતિ

સુણ જિનવર શેત્રુંજાધણીજી, દાસતણી અરદાસ,
તુજ આગળ બાળક પરેજી, હું તો કરૂં વેખાસ રે
જિનજી ! મુજ પાપીને રે તાર
તું તો કરૂણારસ ભર્યોજી, તું સહુનો હિતકાર રે જિનજી૦ ૧

હું અવગુણનો ઓરડોજી, ગુણ તો નહિં લવલેશ,
પરગુણ પેખી નવિ શકું જી, કેમ સંસાર તરેશ ? જિનજી૦ ૨

જીવતણાં વધ મે કર્યાજી, બોલ્યા મૃષાવાદ,
કપટ કરી પરધન હર્યાજી, સેવ્યા વિષય સંવાદ રે જિનજી૦ ૩

હું લંપટ હું લાલચુંજી, કર્મ કીધા કેઈ ક્રોડ,
ત્રણ ભુવનમાં કો નહિં જી, જે આવે મુજ જોડ રે. જિનજી૦ ૪

છિદ્ર પરાયાં અહોનિશેજી, જોતો રહું જગનાથ,
કુગતિ તણી કરણી કરજી, જોડયો તેહશું સાથ રે, જિનજી૦ ૫

કુમતિ કુટિલ કદાગ્રહીજી વાંકી ગતિ મતિ મુજ,
વાંકી કરણી માહરીજી, શી સંભળાવું તુજ રે. જિનજી૦ ૬

પુણ્યવિના મુજ પ્રાણિયોજી, જાણે મેલું રે આથ,
ઊંચા તરૂવર મોરિયાજી, ત્યાંહી પસારે હાથ રે. જિનજી૦ ૭

વિણ ખાધા વિણ ભોગવ્યાજી, ફોગટ કર્મ બંધાય,
આર્તધ્યાન મીટે નહિંજી, કીજે કવણ ઉપાય રે. જિનજી૦ ૮

કાજળથી પણ શામળાજી, મારા-મન પરિણામ,
સોણલામાંહી તાહરૂંજી, સંભારું નહિં નામ રે. જિનજી૦ ૯



For Private And Personal Use Only

મુગ્ધલોક ઠગવા ભણીજી, કરૂં અનેક પ્રપંચ,
કૂટ કપટ બહુ કેળવીજી, પાપતણો કરૂં સંચ રે. જિનજી૦ ૧૦

મન ચંચળ ન રહે કિમેજી, રાચે રમણી રે રૂપ.
કામવિટંબણા શી કહુંજી, પડીશ હું દુર્ગતિ કૂપ રે. જિનજી૦ ૧૧

કિશ્યાગુણ કહું માહરાજી, કિશ્યા કહું અપવાદ,
જેમ જેમ સંભાળુ હિયેજી, તેમ તેમ વધે વિખવાદ રે. જિનજી૦ ૧૨

ગિરૂઆ તે નવિ લેખવેજી, નિગુણ સેવકની વાત,
નીચતણે પણ મંદિરેજી ચંદ્ર ન ટાળે જ્યોત રે. જિનજી૦ ૧૩

નિગુણો તો પણ તાહરોજી, નામ ધરાવ્યું દાસ,
કૃપા કરી સાંભળજોજી, પૂરજો મુજ આશ રે. જિનજી૦ ૧૪

પાપી જાણી મુજ ભણીજી, મત મૂકો રે વિસાસ,
વિષ હળાહળ આદર્યોજી, ઈશ્વર ન તજે તાસ રે. જિનજી૦ ૧૫

ઉત્તમ ગુણકારી હુવેજી, સ્વાર્થ વિના સુજાણ,
કરસણ સિંચે સર ભરેજી, મેહ ન માગે દાણ રે. જિનજી૦ ૧૬

તું ઉપકારી ગુણનીલોજી, તું સેવક પ્રતિપાળ,
તું સમરથ સુખ પૂરવાજી, કર માહરી સંભાળ રે. જિનજી૦ ૧૭

તુજને શું કહીયે ઘણુંજી, તું સહુ વાત રે જાણ,
મુજને થાજો સાહિબાજી, ભવભવ તાહરી આણ રે. જિનજી૦ ૧૮

નાભિરાયા કુલચંદલોજી, મરૂદેવીનો નંદ,
કહે હરખ નિવાજજોજી, દેજો પરમાનંદ રે. જિનજી૦ ૧૯



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## સ્તવન-૧૫

# તીરથીની આશાતનાનો ત્યાગ

તીરથની આશાતના નવિ કરીયે. હાંરે નવિ કરીયે રે નવિ કરીયે
હારે ધૂપ ધ્યાન ઘટા અનુસરીયે, હાંરે તરીયે સંસાર તીરથ૦ ૧.

આશાતના કરતાં થકાં ધન હાણી, હાંરે ભૂખ્યા ન મળે અન્નપાણી,
હાંરે કાયા વળી રોગે ભરાણી, હાંરે આ ભવમાં એમ. તીરથ૦ ૨.

પરભવ પરધામીને વશ પડશે, હાંરે વૈતરણી નદીમાં ભળશે,
હાંરે અગ્નિને કુંડે બળશે, હારે નહિં શરણું કોય. તીરથ૦ ૩.

પૂરવ નવાણું નાથજી ઈહાં આવ્યા, હાંરે સાધુ કેઈ મોક્ષ સિધાવ્યા,
હાંરે શ્રાવક પણ સિદ્ધિ સુહાવ્યા, હાંરે જપતાં ગિરિનામ. તીરથ૦ ૪.

અષ્ટોતર શતકૂટ એ ગિરિ નામ, હાંરે સૌંદર્ય યશોધર નામે,
હાંરે પ્રીતિ મંડણ કામુક કામે, હાંરે વળી સહજાનંદ. તીરથ૦ ૫.

મહેંદ્રધ્વજ સર્વાથસિદ્ધ કહીયે, હાંરે પ્રિયંકર નામ એ લહિયે,
હાંરે ગિરિ શીતલ છાંયે રહીયે, હાંરે નિત્ય કરીયે ધ્યાન. તીરથ૦ ૬.

પૂજા નવાણું પ્રકારની એમ કીજે, હાંરે નરભવનો લાહો લીજે,
હાંરે વળી દાન સુપાત્રે દીજે, હાંરે ચઢતે પરિણામ. તીરથ૦ ૭.

સેવનફળ સંસારમાં કરે લીલા, હાંરે રમણી ધન સુંદર બાળા,
હાંરે શુભવીર વિનોદ રસાલા, હાંરે મંગલ શિવમાલ.
તીરથની આશાતના નવિ કરીયે તીરથ૦ ૮.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ગીત-૧૬

# હેલો

હે શત્રુંજયના રાજા, નાભિરાયના બેટા,
મરૂદેવીના લાલ, મારો હેલો સાંભળો હોજી રે...
હે હુકમ કરો તો દાદા તારી જાત્રાએ આવું,
ભવોભવનાં કર્મ ખપાવી મોક્ષે ચાલ્યો જાવું;
મારે હેલો સાંભળો હો જી રે... ૧

હે ઉંચા ઉંચા ડુંગરા ને વસમી છે વાટ,
કેમ કરી હું આવું દાદા, પકડો મારો હાથ;
મારો હેલો સાંભળો હો જી રે... ૨

હે આદીશ્વર દાદા, અદ્‌ભુત લીલા ન્યારી,
વંદન કરવા દૂરદૂરથી આવ્યા નરને નારી
મારો હેલો સાંભળો હો જી રે... ૩

હે પાલીતાણા ગામમાં, મંગલ ગીતો ગાવે,
નર નારી ભક્તિ કરે, સેવક સુખ બહુ પાવે;
મારે હેલો સાંભળો હો જી રે... ૪

## ગીત-૧૭

દાદા આદીશ્વરજી દૂરથી આવ્યો, દાદા દરિશન દો.
કોઈ આવે હાથી ઘોડે, કોઈ આવે ચડી પલાણે,
કોઈ આવે પગપાળે, દાદાને દરબાર.
હાં, હાં. દાદાને દરબાર.
દાદા આદીશ્વરજી દૂરથી આવ્યો, દાદા દરિશન દો. ૧



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શેઠ આવે હાથી ઘોડે, રાજા આવે ચડી પલાણે,
હું આવું પગ પાળે, દાદાને દરબાર.
હાં, હાં, દાદાને દરબાર.. દાદા૦ ૨

કોઈ મૂકે સોના રૂપા, કોઈ મૂકે મહોર,
કોઈ મૂકે ચપટી ચોખા, દાદાને દરબાર,
હાં, હાં, દાદાને દરબાર... દાદા૦ ૩

શેઠ મૂકે સોના રૂપા, રાજા મૂકે મહોર,
હું મૂકું ચપટી ચોખા દાદાને દરબાર,
હાં હાં, દાદાને દરબાર.. દાદા૦ ૪

કોઈ માંગે કંચન કાયા, કોઈ માંગે આંખ,
કોઈ માંગે ચરણની સેવા, દાદાને દરબાર,
હાં, હાં, દાદાને દરબાર... દાદા૦ ૫

પાંગળો માંગે કંચન કાયા, આંધળો માંગે આંખ,
હું માગું ચરણની સેવા, દાદાને દરબાર,
હાં હાં, દાદાને દરબાર... દાદા૦ ૬

હીરવિજય ગુરુ હીરલોને વીરવિજય ગુણ ગાય,
શત્રુંજયના દર્શન કરતાં આનંદ અપાર,
હાં, હાં આનંદ અપાર... દાદા૦ ૭



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## સ્તવન-૧૮

અખિયાં હરખણ લાગી, હમારી અખીયાં હરખણ લાગી.
દર્શનદેખત પાર્શ્વ જિણંદ કો, ભાગ્ય દશા અબ જાગી... ૧
અકલ અરૂપી ઓર અવિનાશી, જગમેં તુંહી નિરાગી... ૨
સુરતિ સુંદર અચરિજ એહી, જગ જનને કરે રાગી... ૩
શરણાગત પ્રભુ ! તુજ પદ પંકજ, સેવના મુજ મતિ જાગી... ૪
લીલા લહેરે દે નિજ પદવી, તુમ સમકો નહીં ત્યાગી... ૫
વામાનંદન ચંદન ની પરે, શીતલ તું સૌભાગી... ૬
'જ્ઞાનવિમલ' પ્રભુ ધ્યાન ધરંતા ભવ ભય ભાવઠ ભાંગી... ૭

## સ્તવન-૧૯

આજ મારા પ્રભુજી ! સામું જુઓને, સેવક કહીને બોલાવો રે,
એટલે હું મનગમતું પામ્યો રૂઠડાં બાળ મનાવો રે. ૧

પતિત પાવન શરણાગત વત્સલ, એ જશ જગમાં ચાવો રે,
મન રે મનાવ્યા વિણ નહીં મુકું રે, એહિ જ મારો દાવો રે. ૨

કબજે આવ્યા તે નહિ મુકું, જિહાં લગે તુમ સમ થાવો રે,
જો તુમ ધ્યાન વિના શિવ લહીએ, એહવો દાવ બતાવો રે. ૩

મહાગોપ ને મહાનિર્યામક, એવા એવા બિરદ ધરાવો રે,
તો તુમ આશ્રિત ને ઉદ્ધરતાં, બહુ બહુ શું કહાવો રે ? ૪

જ્ઞાનવિમળ પ્રભુ નામ મહાનિધિ મંગલ એહ વધાવો રે,
અચળ અભેદપણે અવલંબી, અહોનિશ એ દિલ ધ્યાવો રે. ૫



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## સ્તવન-૨૦

સમય સમય સો વાર સંભારું, તુજશું લગની જોર રે,
મોહન મુજરો માની લેજો, જ્યું જલધર પ્રીતિ મોર રે... ૧

માહરે તન ધન જીવન તુંહી, એહમાં જુઠ ન જાણો રે,
અંતરજામી જગજન નેતા, તું કીહાં નથી છાનો રે... ૨

જેણે તુજને હિયડે નવિ ધ્યાયો, તાસ જનમ કુણ લેખે રે,
કાચે રાચે તે નર મૂરખ, રતનને દૂર ઉવેખે રે... ૩

સુરતરુ છાયા મુકી ગહરી, બાઉલ તળે કુણ બેસે રે,
તાહરી ઓળગ લાગે મીઠી, કેમ છોડાય વિશેષે રે... ૪

વામાનંદન પાસ પ્રભુજી, અરજી ચિત્તમાં આણો રે,
રૂપ વિબુધનો 'મોહન' પભાણે, નિજ સેવક કરી જાણો રે... ૫

## સ્તવન-૨૧

તારા નયનાં રે પ્યાલા પ્રેમના ભર્યા છે,
દયા રસના ભર્યા છે, અમીછાંટના ભર્યા છે,
તારા નયનાં રે પ્યાલા... ૧

જે કોઈ તારે નજરે ચડી આવે,
કારજ તેહના સફલ કર્યા છે... તારા... ૨

પ્રગટ થઈ પાતાલથી પ્રભુ !
જાદવના દુ:ખ દુર કર્યા છે... તારા... ૩

પન્નગપતિ પાવકથી ઉગાર્યો,
જન્મ મરણ ભયના તેહના હર્યા છે... તારા... ૪



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પતિતપાવન શરણાગત વત્સલ,
દરિસન દીઠે મારા દિલડા ઠર્યા છે... તારા... ૫

શ્રી શંખેશ્વર પાર્શ્વ જિનેશ્વર,
તુજ પદ પંકજ આજથી વર્યા છે... તારા... ૬

જે કોઈ તુજને ધ્યાને ધ્યાવે,
અમૃત સુખના તે રંગથી ભર્યા છે... તારા... ૭

## ગીત-૨૨

વરસે ભલે વાદળી ને વાયુ ભલે વાય
દાદા તારો દીવડો કદિયે ના બુઝાય...

આવે ભલેને આંધી તોફાનો
ભલેને ઝંઝાવાત ઝીંકાય... દાદા તારો.

દરિયામાં ઉછળે મોજા તોફાની
પર્વત શિલાઓ ગબડી જાય... દાદા તારો.

એને બુઝવવા આવે અસુરો
એ પણ હારીને ચાલ્યા જાય... દાદા તારો.

આવે ભલેને રાહુ ને કેતુ
એનો પ્રભાવ પણ પાણી થઈ જાય... દાદા તારો.

અલબેલા આદીશ્વર ડુંગરે બિરાજે
યાત્રા કરવા સહુ દોડી દોડી જાય... દાદા તારો.

## ગીત-૨૩

પેલા ઉંચા ઉંચા ડુંગરવાળા દાદા બોલાવે,
દાદા બોલાવે, તમને સહુને બોલાવે... પેલા ઉંચા.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શેત્રુંજાના ડુંગર ઉપર બિરાજે
એને આંગણીયે મોરલિયા નાચે
કરુણાના ઝરણા દાદા વહાવે... પેલા ઉંચા.

પગથિયા ચઢી ચઢી થાકી જવાયે
દોડવા જાઓ તો હાંફી જવાયે
દાદાને ભેટવા તોયે સહુ જાવે... પેલા ઉંચા.

દર્શન દાદાના દિલડાને ગમતા
આદીશ્વર સહુના હૈયામાં રમતા
પૂજા કરીને સહુ પાવન થાવે... પેલા ઉંચા.

આભને અડે છે દાદાના દે'રા
પર્વતના શિખરે દાદાજીના ડેરા
દુનિયાને મુક્તિનો રાહ બતાવે... પેલા ઉંચા.

## ગીત-૨૪
## રાહ બતાવો
## (લોકગીત)

આદીશ્વરજી, અમને રાહ બતાવો
દ્વાર તમારે આવ્યા, અમને રાહ બતાવો-(આદીશ્વરજી)
ભટકી રહ્યો છું હું લાખ ચોરાશી
તારા વિના જીવનમાં છાઈ રે ઉદાસી
પ્રસન્નતા પ્રગટાવો... અમને.
વિષયોની ગોદમાં જઈને હું ખેલું
પાપોથી મનડું થઈ ગયું મેલું
મનને સ્વચ્છ બનાવો... અમને.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જોને ! મારા પગમાં છે કર્મોની બેડી
કેમ કરી શોધું હું સ્વામી તારી કેડી ?
બંધન દૂર હટાવો... અમને.
કરૂં હું વિનંતી માફ કરી દેજો
મેલા મારા આતમને સાફ કરી દેજો
સ્નેહના દીપ જલાવો... અમને.

## સ્તવન-૨૫

### (રાગ - દરબારી)

અબમોહે ઐસી આય બની
શ્રી શંખેશ્વર પાર્શ્વજિનેશ્વર, મેરે તું એક ધની, અબ૦

તુમ બિન કોઉં ચિત્ત ન સુહાવે, આવે કોડી ગુની,
મેરો મન તુમ ઉપર રસીયો, અલિ જિમ કમલ ભની, અબ૦

તુમ નામે સવિ સંકટ ચૂરે, નાગરાજ ધરણી
નામ જપું નિશિવાસર તેરો, એ મુજ શુભ કરણી, અબ૦

કોપાનલ ઉપજાવત દુર્જન, મથન વચન અરણી,
નામ જપું જલધાર તિહાં, તુજ ધારૂં દુ:ખ હરણી, અબ૦

મિથ્યામતિ બહુ જન હય જગમેં, પદ ન ધરત ધરણી
ઉનકા અબ તુમ ભક્તિ પ્રભાવે, ભય નહીં એક કની, અબ૦

સજ્જન નયન સુધારસ અંજન, દુર્જન રવિ ભરણી
તુજ મૂર્તિ નિરખે સો પાવે, સુખ 'જશ' લીલ ઘની, અબ૦



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## સ્તવન-૨૬

હું પ્રભુ તારો, તું પ્રભુ મારો
પલ એક મુજને ના હી વિસારો,
મહેર કરીને સ્વામી મારી વિનંતી સ્વીકારો. હું પ્રભુ૦

લાખ ચોરાશી ભટકી પ્રભુજી,
આવ્યો છું તારા શરણે હો જિનજી !
દુર્ગતિ કાપો, શિવસુખ આપો
સ્વામી સેવક જાણી નિહાળો, હું પ્રભુ૦

અખય ખજાનો પ્રભુ તારો ભર્યો છે,
આપો કૃપાળુ મેં હાથ ધર્યો છે.
વામાનંદન જગવંદન પ્યારો
દેવ જગતમાં તુંહી જ ન્યારો, હું પ્રભુ૦

પલપલ સમરૂં નામ આદીશ્વર,
સમરથ તારક તુંહી જિનેશ્વર
પ્રાણ થકી તું અધિકો વ્હાલો,
કૃપા કરી મને વેગે નિહાળો, હું પ્રભુ૦

ભક્ત વત્સલ તારૂં બિરૂદ રે જાણી,
કેડ ન છોડું સ્વામી લેજો રે માની
ચરણની સેવા હું નિત્ય ચાહું
ઘડી ઘડી હું મનમાં ઉમાહું, હું પ્રભુ૦

જ્ઞાન વિમળ તુજ ભક્તિ પ્રભાવે,
ભવાભવના સંતાપ શમાવે
અમીયભરી તારી મૂર્તિ નિહાળી
પાપ અંતરના દે જે પખાળી, હું પ્રભુ૦



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## સ્તવન-૨૭

(રાગ - તુમ્હી મેરે મંદિર, તુમ્હી મેરી પૂજા)

પાર્શ્વ શામળીયા બસો મેરે મન મે,
બસો મેરે મનમેં, બસો મેરે દિલમેં, પાર્શ્વ૦

કાશી દેશ વારાણસી નયરી
જનમ લીઓ પ્રભુ ક્ષત્રિય કુળમેં, પાર્શ્વ૦

બાલપણાથી પ્રભુ અદ્‌ભૂત જ્ઞાની
કમઠ કો માન હર્યો એક પલ મે, પાર્શ્વ૦

નાગ નિકાલા પ્રભુ કાષ્ટ ચીરાકર
નાગકો સુરપતિ કિયો એક છિન મે, પાર્શ્વ૦

સંયમ લઈ પ્રભુ વિચરવા લાગ્યા
સંયમે ભીંજ ગયો એક રંગ મે, પાર્શ્વ૦

સમ્મેતશિખર પ્રભુ મોક્ષે સીધાવ્યા,
પાર્શ્વજીકો મહિમા તીન ભૂવન મેં, પાર્શ્વ૦

'ઉદયરતન' કી યે હી અરજ હૈ
દિલ અટક્યો તોરા ચરણ કમળ મેં, પાર્શ્વ૦
પાર્શ્વ શંખેશ્વર બસો મેરે મન મેં !

## સ્તવન-૨૮

હમ મગન ભયે પ્રભુધ્યાન મેં... હમ૦
બિસર ગઈ દુવિધા તન મનકી, અચિરાસુત-ગુણગાન મેં -હમ૦

હરિહર બ્રહ્મ પુરંદર કી ઋદ્ધિ, આવત નહીં કોઉં માનમેં
ચિદાનંદ કી મૌજ મચી હૈ, સમતા રસકે પાન મેં, -હમ૦



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઈતને દિન તુમ નાહી પીછાન્યો, મેરો જન્મ ગયો સો અજાન મેં
અબ તો અધિકારી હોઈ બૈઠે, પ્રભુગુણ અખય ખજાન મેં, -હમ૦

ગઈ દીનતા સહબી હમારી, પ્રભુ તુજ સમકિતદાન મેં,
પ્રભુગુણ અનુભવ રસકે આગે, આવત નહીં કોઉં માન મેં, -હમ૦

જિનહી પાયા તિનહી છૂપાયા, ન કહે કોઉ કે કાન મેં
તાલી લાગી જબ અનુભવકી, તબ સમજે સબ શાન મેં, -હમ૦

પ્રભુગુણ અનુભવ ચંદ્રહાસ જ્યોં, સો તો ન રહે મ્યાન મેં
વાચક 'જંશ' કહે મોહ મહાઅરિ, જીત લીયો મૈદાન મેં, -હમ૦

## સ્તવન-૨૯

શાંતિ જિનેસર સાચો સાહિબ
શાંતિકરણ ઈણ કલિ મેં હો, જિનજી.
તું મેરા મન મે, તું મેરા દિલમેં
ધ્યાન ધરૂં પલપલ મેં સાહેબજી... શાંતિ૦

ભવમાં ભમતા મેં દરિસણ પાયો
આશા પૂરો એક પલ મેં હો જિનજી... તુ મેરા૦

નિર્મળ જ્યોત વદન પર સોહે
નિકસ્યો જ્યું ચંદ્ર બાદલ મેં હો જિનજી... તું મેરા૦

મેરો મન તુમ સાથે લીનો
મીન વસે જ્યૂં જલ મેં હો જિનજી... તું મેરા૦

'જિનરંગ' કહે પ્રભુ શાંતિ જિનેશ્વર
દીઠોજી દેવ સકલ મેં હો જિનજી... તું મેરા૦



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી અમૃતવેલિની સજ્ઝાય

ચેતન જ્ઞાન અજુઆલીએ, ટાલીએ મોહસંતાપરે,
ચિત્તડું ડમડોલતું વાલીએ, પાળીએ સહજ ગુણ આપ રે–ચેતન૦ ૧

ઉપશમ અમૃતરસ પાજીએ, કીજીએ સાધુગુણગાનરે,
અધમવયણે નવિ ખીજીએ, દીજીએ સજ્જને માન રે–ચેતન૦ ૨

ક્રોધઅનુબંધ નવિ રાખીએ, ભાખીએ વયણ મુખ સાચ રે,
સમકિતરત્ન રુચિ જોડીએ, છોડીએ કુમતિ મતિ કાચ રે–ચેતન૦ ૩

શુદ્ધ પરિણામને કારણે, ચારનાં શરણ ધરે ચિત્ત રે,
પ્રથમ તિહાં શરણ અરિહંતનું, જેહ જગદીશ જગમિત્ત રે–ચેતન૦ ૪

જે સમોસરણમાં રાજતા, ભાંજતા ભવિકસંદેહ રે,
ધર્મનાં વચન વરસે સદા, પુષ્કરાવર્ત્ત જિમ મેહ રે–ચેતન૦ ૫

શરણ બીજું ભજે સિદ્ધનું, જે કરે કર્મ ચકચૂર રે,
ભોગવે રાજ્ય શિવનગરનું, જ્ઞાન આનંદ ભરપૂર રે–ચેતન૦ ૬

સાધુનું શરણ ત્રીજું ધરે, જેહ સાધે શિવપંથ રે,
મૂલ ઉત્તર ગુણ જે વર્યા, ભવ તર્યા ભાવ નિર્ગ્રંથ રે–ચેતન૦ ૭

શરણ ચોથું ધરે ધર્મનું, જેહમાં વર દયાભાવ રે,
જે સુખહેતુ જિનવર કહ્યું, પાપજલ તારવા નાવ રે–ચેતન૦ ૮

ચારનાં શરણ એ પડિવજે, વળી ભજે ભાવના શુદ્ધ રે,
દુરિત સવિ આપણાં નિંદીએ, જેમ હોય સંવરવૃદ્ધિ રે–ચેતન૦ ૯

ઇહભવ પરભવ આચર્યાં, પાપ અધિકરણ મિથ્યાતરે,
જે જિનાશાતનાદિક ઘણાં, નિંદીએ તેહ ગુણઘાત રે–ચેતન૦ ૧૦



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગુરુતણાં વચન તે અવગણી, ગૂંથીયા આપ મતજાલ રે,
બહુ પરે લોકને ભોલવ્યા, નિંદીએ તેહ જંજાલ રે-ચેતન૦ ૧૧

જેહ હિંસા કરી આકરી, જેહ બોલ્યા મૃષાવાદ રે,
જેહ પરધન હરી હરખિયા, કીધલો કામઉન્માદ રે-ચેતન૦ ૧૨

જેહ ધન્ય ધાન્ય મૂર્છા ધરી, સેવિયા ચાર કષાય રે
રાગને દ્વેષને વશ હુઆ, જે કિયો કલહઉપાય રે-ચેતન૦ ૧૩

જૂઠ જે આળ પરને દિયાં, જે કર્યાં પિશુનતા પાપરે,
રતિ અરતિ નિંદ માયામૃષા, વળીય મિથ્યાત્વ સંતાપર રે-ચેતન૦ ૧૪

પાપ જે એહવાં સેવિયાં, તેહ નિંદીએ ત્રિહું કાલ રે,
સુકૃતઅનુમોદના કીજીએ, જિમ હોયે કર્મ વિસરાલ રે-ચેતન૦ ૧૫

વિશ્વઉપગાર જે જિન કરે, સાર જિન નામ સંયોગ રે,
તે ગુણ તાસ અનુમોદીએ, પુણ્ય અનુબંધ શુભયોગ રે-ચેતન૦ ૧૬

સિદ્ધની સિદ્ધતા કર્મના-ક્ષયથકી ઊપની જેહ રે,
જેહ આચાર આચાર્યનો, ચરણવન સિંચવા મેહ રે-ચેતન૦ ૧૭

જેહ ઉવઝાયનો ગુણ ભલો, સૂત્ર સજ્ઝાય પરિણામ રે,
સાધુની જે વળી સાધુતા, મૂલ ઉત્તર ગુણધામ રે-ચેતન૦ ૧૮

(જેહ) વિરતિ દેશ શ્રાવકતણી, જે સમકિત સદાચાર રે,
સમકિતદૃષ્ટિ સુર નરતણો, તેહ અનુમોદીએ સાર રે-ચેતન૦ ૧૯

અન્યમાં પણ દયાદિક ગુણા, જેહ જિનવચનઅનુસાર રે,
સર્વ તે ચિત્ત અનુમોદીએ, સમકિતબીજ નિરધાર રે-ચેતન૦ ૨૦

પાપ નવિ તીવ્ર ભાવ કરે, જેહને નવિ ભવરાગરે,
ઉચિત સ્થિતિ જેહ સેવે સદા, તેહ અનુમોદવા લાગરે-ચેતન૦ ૨૧



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

થોડલો પણ ગુણ પરતણો, સાંભળી હર્ષ મન આણ રે,
દોષ લવ પણ નિજ દેખતાં, નિજ ગુણ નિજાતમા જાણ રે-ચેતન૦ ૨૨

ઉચિત વ્યવહાર અવલંબને, એમ કરી સ્થિર પરિણામ રે,
ભાવીએ શુદ્ધ નયભાવના, પાપનાશતણું ઠામ રે-ચેતન૦ ૨૩

દેહ મન વચન પુદ્ગલથકી, કર્મથી ભિન્ન તુજ રુપ રે,
અક્ષય અકલંક છે જીવનું, જ્ઞાન આનંદ સરુપરે-ચેતન૦ ૨૪

કર્મથી કલ્પના ઉપજે, પવનથી જેમ જલધિવેલ રે,
રૂપ પ્રગટે સહજ આપણું, દેખતાં દૃષ્ટિ સ્થિર મેલ રે-ચેતન૦ ૨૫

ધારતાં ધર્મની ધારણા, મારતાં મોહ વડ ચોર રે,
જ્ઞાનરુચિવેલ વિસ્તારતાં, વારતાં કર્મનું જોર રે-ચેતન૦ ૨૬

રાગ વિષ દોષ ઊતારતાં, જારતાં દ્વેષરસ શેષ રે,
પૂર્વ મુનિ વચન સંભારતાં, સારતાં કર્મ નિઃશેષ રે-ચેતન૦ ૨૭

દેખીએ માર્ગ શિવનગરનો, જે ઉદાસીનપરિણામ રે,
તેહ અણછોડતાં ચાલીએ, પામીએ જિમ પરમ ધામ રે-ચેતન૦ ૨૮

શ્રીનયવિજય ગુરુશિષ્યની, શીખડી અમૃતવેલ રે,
એહ જે ચતુર નર આદરે, તે લહે સુયશ રંગરેલ રે-ચેતન૦ ૨૯

* * *



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નવાંગી પૂજાના દુહા

જલ ભરી સમ્પુટ પત્રમાં, યુગલિક-નર પૂજન્ત.
ઋષભ-ચરણ-અંગૂઠડે, દાયક ભવજલ-અન્ત... ૧

જાનુ બલે કાઉસ્સગ્ગ રહ્યા, વિચર્યા દેશ-વિદેશ,
ખડા ખડા કેવલ લહ્યું પૂજો જાનુ નરેશ... ૨

લોકાન્તિક વચને કરી, વરસ્યા વરસીદાન,
કર-કાંડે પ્રભુ-પૂજના, પૂજો ભવિ બહુમાન... ૩

માન ગયું દોય અંશથી, દેખી વીર્ય અનન્ત,
ભુજાબલે ભવજલ તર્યા, પૂજો સ્કન્ધ મહન્ત... ૪

સિદ્ધશિલા ગુણ ઊજલી, લોકાન્તે ભગવન્ત,
વસિયા તિણે કારણ ભવિ, શિર શિખા-પૂજન્ત... ૫

તીર્થંકર-પદ-પુણ્યથી, ત્રિભુવનજન સેવન્ત,
ત્રિભુવન-તિલક સમા પ્રભુ, ભાલ તિલક જયવન્ત... ૬

સોલ પહોર પ્રભુ દેશના, કંઠે વિવર વર્તુલ,
મધુર ધ્વનિ સુરનર સુણે, તિણે ગલે તિલક અમૂલ... ૭

હૃદય-કમલ-ઉપશમ બલે, બાલ્યા રાગ ને રોષ,
હિમ દહે વન-ખંડને, હૃદય તિલક સન્તોષ... ૮

રત્નત્રયી ગુણ ઊજલી, સકલ સુગુણ વિશ્રામ,
નાભિકમલની પૂજના, કરતાં અવિચલ ધામ... ૯

ઉપદેશક નવ તત્ત્વના, તિણે નવ અંગ જિણન્દ,
પૂજો બહુવિધ રાગશું, કહે શુભવીર મુણિન્દ... ૧૦



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અષ્ટપ્રકારી પૂજાના દોહા

## ૧. જલ-પૂજા

જલ-પૂજા જુગતે કરો, મેલ અનાદિ વિનાસ,
જલ-પૂજા ફલ મુજ હજો, માગો એમ પ્રભુ પાસ. ૧

## ૨. ચન્દન-પૂજા

શીતલ ગુણ જેહમાં રહ્યો, શીતલ પ્રભુ-મુખરંગ,
આત્મ શીતલ કરવા ભણી, પૂજો અરિહા-અંગ. ૨

## ૩. પુષ્પ-પૂજા

સુરભી અખંડ કુસુમે ગ્રહી, પૂજો ગત સન્તાપ,
સુમન જન્તુ ભવ્ય જ પરે, કરીએ સમકિત છાપ. ૩

## ૪. ધૂપ-પૂજા

ધ્યાન-ઘટા પ્રગટાવીએ, વામનયન જિન ધૂપ,
મિચ્છત્ત દુર્ગન્ધ દૂરે ટલે, પ્રગટે આત્મસ્વરૂપ. ૪

## ૫. દીપક-પૂજા

દ્રવ્ય દીપ સુવિવેકથી, કરતાં દુઃખ હોય ફોક,
ભાવ-પ્રદીપ પ્રગટ હુએ, વાસિત લોકાલોક. ૫

## ૬. અક્ષત-પૂજા

શુદ્ધ અખંડ અક્ષત ગ્રહી, નન્દાવર્ત-વિશાલ,
પૂરી પ્રભુ સંમુખ રહો, ટાલી સકલ જંજાલ. ૬

## ૭. નૈવેદ્ય-પૂજા

અણાહારી પદ મેં કર્યા, વિગ્ગહ ગઈ અનન્ત,
દૂર કરી તે દીજિએ, અણાહારી શિવ સન્ત. ૭

## ૮. ફલ-પૂજા

ઈન્દ્રાદિક પૂજા ભણી, ફલ લાવે ધરી રાગ,
પુરુષોત્તમ પૂજા કરી, માગે શિવફલ-ત્યાગ. ૮



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આરતી

જય ! જય ! આરતી• આદિ જિણંદા,
નાભિરાયા મરુદેવીકો નંદા... જય ! જય !!
પહેલી આરતી પૂજા કીજે,
નરભવ પામીને લ્હાવો લીજે... જય ! જય !!... ૧
દૂસરી આરતી દીન-દયાલા,
ધૂલેવામંડન પ્રભુ જગ-ઉજિયાલા... જય ! જય !!
તીસરી આરતી ત્રિભુવન દેવા,
સુર-નર-ઈન્દ્ર કરે તોરી સેવા... જય ! જય !!... ૨
ચૌથી આરતી ચઉગતિ ચૂરે,
મનવાંછિત ફલ શિવસુખ પૂરે... જય ! જય !!
પંચમી આરતી પુણ્ય-ઉપાયા,
મૂલચન્દ રિખવ-ગુણ ગાયા... જય ! જય !!... ૩

(૨)

અપસરા કરતી આરતી જીન આગે,
હાં રે જિન આગે રે જિન આગે
હાં રે એ તો અવિચલ સુખડાં માગે,
હાં રે નાભિનન્દન પાસ... અ... ૧
તા થેઈ નાટક નાચતી પાય ઠમકે,
હાં રે દોય ચરણમાં ઝાંઝર ઝમકે,
હાં રે સોવન ઘુઘરડી ઘમકે,
હાં રે લેતી ફુદડી બાલ... અ... ૨
તાલ મૃદંગ ને વાંસળી ડફ વીણા,
હાં રે રૂડા ગાવંતી સ્વર ઝીણા,
હાં રે મધુર સુરાસુર નયણાં,
હાં રે જોતી મુખડું નિહાલ... અ... ૩



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ધન્ય મરુદેવા માતાને પુત્ર જાયા,
હાં રે તોરી કંચન વરણી કાયા ।
હાં રે મેં તો પૂરબ પુણ્યે પાયા,
હાં રે દેખ્યો તેરો દેદાર...અ... ॥૪॥
પ્રાણજીવન પરમેશ્વર પ્રભુ પ્યારો,
હાં રે પ્રભુ સેવક હું છું તારો ।
હાં રે ભવોભવનાં દુખડાં વારો,
હાં રે તુમે દીનદયાલ...અ... ॥૫॥
સેવક જાણી આપનો ચિત્ત ધરજો,
હાં રે મારી આપદા સઘળી હરજો ।
હાં રે મુનિમાણેક સુખિયો કરજો,
હાં રે જાણી પોતાનો બાલ...અ... ॥૬॥

## મંગળ-દીવો

દીવો રે ! દીવો મંગલિક દીવો ।
આરતી ઉતારણ બહુ ચિરંજીવો, દીવો રે ! ॥૧॥
સોહામણું ઘર પર્વ-દીવાળી ।
અમ્બર ખેલે અમરાબાળી, દીવો રે ! ॥૨॥
દેપાળ ભણે એમે કુલ અજઆળી ।
ભાવે ભગતે વિઘ્ન નિવારી, દીવો રે ! ॥૩॥
દેપાલ ભણે ઈણે એ કલિકાલે ।
આરતી ઉતારી રાજા કુમારપાળે, દીવો રે ! ॥૪॥
અમ ઘર મંગલિક તુમ ઘર મંગલિક ।
મંગલિક ચતુર્વિધ સંઘને હોજો, દીવો રે ! ॥૫॥



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શત્રુંજયના ૧૬ ઉદ્ધાર

| ઉદ્ધાર | કરાવનાર ભાગ્યશાળી |
|---|---|
| ૧ | શ્રી ભરત મહારાજા |
| ૨ | શ્રી દંડવીર્ય રાજા |
| ૩ | શ્રી ઈશાન ઈન્દ્ર |
| ૪ | શ્રી માહેન્દ્ર ઈન્દ્ર |
| ૫ | શ્રી બ્રહ્મેન્દ્ર |
| ૬ | શ્રી ચમરેન્દ્ર |
| ૭ | શ્રી સગર ચક્રવર્તી |
| ૮ | શ્રી વ્યન્તરેન્દ્ર |
| ૯ | શ્રી ચંદ્રયશ રાજા |
| ૧૦ | શ્રી ચક્રાયુધ-ચક્રધર રાજા |
| ૧૧ | શ્રી રામચંદ્રજી |
| ૧૨ | શ્રી પાંડવ મહારાજા |
| ૧૩ | શ્રી જાવડશા |
| ૧૪ | શ્રી બાહડ મંત્રી |
| ૧૫ | શ્રી સમરસિંહ |
| ૧૬ | શ્રી કર્માશાહ |

અંતિમ ઉદ્ધાર આચાર્યશ્રી દુખસહસૂરિજીના ઉપદેશથી શ્રી વિમલવાહન રાજા કરાવશે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શત્રુંજયનાં ૧૦૮ નામો

| | | |
|---|---|---|
| ૧. શ્રી શત્રુંજયગિરિ | ૨૩. વિજયાનંદ | ૪૫. મેરુ મહીધર |
| ૨. બાહુબલી | ૨૪. ભદ્રંકર | ૪૬. કંચનગિરિ |
| ૩. મરુદેવી | ૨૫. મહાપીઠ | ૪૭. આનંદઘર |
| ૪. પુંડરીકગિરિ | ૨૬. સુરગિરિ | ૪૮. પુણ્યકંદ |
| ૫. રૈવતગિરિ | ૨૭. મહાગિરિ | ૪૯. જયાનંદ |
| ૬. વિમલાચલ | ૨૮. મહાનંદ | ૫૦. પાતાલમૂલ |
| ૭. સિદ્ધરાજ | ૨૯. કર્મસૂદન | ૫૧. વિભાસ |
| ૮. ભગીરથ | ૩૦. કૈલાસ | ૫૨. વિશાલ |
| ૯. સિદ્ધક્ષેત્ર | ૩૧. પુષ્પદંત | ૫૩. જગતારણ |
| ૧૦. સહસ્ત્ર કમલ | ૩૨. જયંત | ૫૪. અકલંક |
| ૧૧. મુક્તિનિલય | ૩૩. આનંદ | ૫૫. અકર્મક |
| ૧૨. શ્રી સિદ્ધાચલ | ૩૪. શ્રીપદ | ૫૬. મહાતીર્થ |
| ૧૩. શતકૂટ | ૩૫. હસ્તગિરિ | ૫૭. હેમગિરિ |
| ૧૪. ઢંકગિરિ | ૩૬. શાશ્વતગિરિ | ૫૮. અનંતશક્તિ |
| ૧૫. કદંબગિરિ | ૩૭. ભવ્યગિરિ | ૫૯. પુરુષોત્તમ |
| ૧૬. કોડીનિવાસ | ૩૮. સિદ્ધશેખર | ૬૦. પર્વતરાજ |
| ૧૭. લોહિતગિરિ | ૩૯. મહાજસ | ૬૧. જ્યોતિસ્વરૂપ |
| ૧૮. તાલધ્વજગિરિ | ૪૦. માલ્યવંત | ૬૨. વિલાસભદ્ર |
| ૧૯. પુણ્યરાશિ | ૪૧. પૃથ્વીપીઠ | ૬૩. સુભદ્ર |
| ૨૦. મહાબલગિરિ | ૪૨. દુઃખહર | ૬૪. અજરામર |
| ૨૧. દૃઢશક્તિ | ૪૩. મુક્તિરાજ | ૬૫. ક્ષેમંકર |
| ૨૨. શતપત્ર | ૪૪. મણિકંત | ૬૬. અમરકેતુ |



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

| | | |
|---|---|---|
| ૬૭. ગુણકેતુ | ૮૧. અભયકંદ | ૯૫. સર્વકામદ |
| ૬૮. સહસ્ત્રપત્ર | ૮૨. ઉજ્જવલગિરિ | ૯૬. સહજાનંદ |
| ૬૯. શિવંકર | ૮૩. મહાપદ્મ | ૯૭. મહેન્દ્રધ્વજ |
| ૭૦. કર્મક્ષય | ૮૪. વિશ્વાનંદ | ૯૮. સર્વાર્થસિદ્ધગિરિ |
| ૭૧. તમોકંદ | ૮૫. વિજયભદ્ર | ૯૯. પ્રિયંકગિરિ |
| ૭૨. રાજરાજેશ્વર | ૮૬. ઈંદ્રપ્રકાશ | ૧૦૦. કયંબુ |
| ૭૩. ભવતારણ | ૮૭. કપર્દાવાસ | ૧૦૧. હરિપ્રભ |
| ૭૪. ગજચન્દ્ર | ૮૮. કેવલદાયક | ૧૦૨. વિશ્વપ્રભ |
| ૭૫. મહોદય | ૮૯. મુક્તિનિકેતન | ૧૦૩. ત્રિભુવનપતિ |
| ૭૬. સુરગિરિ | ૯૦. ચર્ચગિરિ | ૧૦૪. પ્રત્યક્ષ |
| ૭૭. કાંતગિરિ | ૯૧. અષ્ટોત્તરગિરિ | ૧૦૫. સિદ્ધભજ |
| ૭૮. અભિનંદ | ૯૨. સૌંદર્યગિરિ | ૧૦૬. વૈજયંત |
| ૭૯. સુમતિ | ૯૩. યશોધર | ૧૦૭. ઋષિ વિહાર |
| ૮૦. શ્રેષ્ઠગિરિ | ૯૪. પ્રીતિમંડણ | ૧૦૮. સર્વકામદ |

## ગિરિરાજની ૧૪ નદીઓનાં નામ

| | | |
|---|---|---|
| ૧. શત્રુંજયા | ૬. તાલધ્વજી | ૧૧. વરતોયા |
| ૨. એંદ્રા | ૭. યક્ષાંગા | ૧૨. જયંતિકા |
| ૩. નાગેન્દ્રી | ૮. બ્રાહ્મી | ૧૩. ભદ્રા |
| ૪. કપીલા | ૯. સાબ્રમતી | |
| ૫. યમલા | ૧૦. શબલા | |

## શ્રી શત્રુંજયા નદી

શ્રી શત્રુંજય મહાતીર્થની દક્ષિણ બાજુએ મહાપ્રભાવિક જલથી પૂર્ણ શત્રુંજયા નદી વહે છે. શ્રી શત્રુંજય તીર્થને સ્પર્શી રહેલી હોવાથી તે મહાપવિત્ર છે અને અધિક ફલદાતા છે. શ્રી શત્રુંજયા નદીના



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પાણીને ગાળીને સ્નાન કરવાથી પાપ ધોવાઈ જાય છે. શત્રુંજયા નદી શત્રુંજયા, જાહ્નવી, પુંડરીકિણી, પાપંકષા, તીર્થભૂમિ તથા હંસી એવાં વિવિધ નામોથી પ્રસિદ્ધ છે.

## ગિરિરાજ પર આવેલા કુંડોનાં નામ

૧. ઈન્દ્રકુંડ ૨. ભરતકુંડ ૩. કર્પદી સરોવર ૪. સૂરજકુંડ ૫. ચન્દ્રકુંડ ૬. કુમારકુંડ ૭. ઈચ્છાકુંડ ૮. છાલાકુંડ ૯. વલ્લભકુંડ ૧૦. હીરાકુંડ - તે પૈકી કેટલાક અસ્તિત્વમાં નથી.

## ગિરિરાજ પર મોક્ષે ગયેલા મહાપુરુષો

અનંતા આત્માઓ આ પવિત્ર ગિરિરાજ પર મોક્ષે ગયા છે. વર્તમાન ચોવીસીના શ્રી નેમિનાથ ભગવાન સિવાયના ૨૩ ભગવાનો આ ભૂમિ પર વિચર્યા છે. શ્રી અજિતનાથ ભગવાન તથા શ્રી શાંતિનાથ ભગવાને ચોમાસુ કર્યું છે.

| | |
|---|---|
| ૧. કાતરક સુદ-૧૫ | દ્રવિડ તથા વારિખિલ્લ અનશન કરી, ૧૦ ક્રોડ મુનિ સાથે મોક્ષે ગયા. |
| ૨. ફાગણ સુદ-૧૦ | નમિ-વિનમિ વિદ્યાધર બે ક્રોડ મુનિ સાથે મોક્ષે ગયા. |
| ૩. ફાગણ સુદ-૧૩ | શાંબ-પ્રદ્યુમ્નકુમાર ૮।। ક્રોડ મુનિ સાથે સદ્ભદ્ર નામના શિખર પર મોક્ષે ગયા. |
| ૪. ચૈત્ર સુદ-૧૫ | શ્રી પુંડરીકસ્વામી પાંચ ક્રોડ મુનિ સાથે મોક્ષે ગયા. |
| | શ્રી અજિતનાથ પ્રભુના દશ હજાર મુનિઓ પણ ચૈત્ર સુદ-૧૫ એ મોક્ષે ગયા. |
| ૫. ચૈત્ર વદ-૧૪ | નમિ વિદ્યાધરની ચર્ચા વગેરે ૬૪ પુત્રીઓ મોક્ષે ગઈ. |
| ૬. આસો સુદ-૧૫ | પાંચ પાંડવો ૨૦ ક્રોડ મુનિઓ સાથે મોક્ષે ગયા. |



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ સિવાય ભરત ચક્રવર્તિની પાટે આવેલા અસંખ્ય રાજાઓ આ ગિરિરાજ પર મોક્ષે ગયા છે.

* નારદજી ૯૧ લાખ સાથે ગિરિરાજ પર મોક્ષે ગયા.
* રામ-ભરત ૩ ક્રોડ સાથે ગિરિરાજ પર મોક્ષે ગયા.
* બાહુબલીના પુત્ર સોમયશા ૧૩ ક્રોડ પર મોક્ષે ગયા.
* ભરત ૧ હજાર સાથે ગિરિરાજ પર મોક્ષે ગયા.
* વસુદેવની પત્ની ૩૫ હજાર સાથે મોક્ષે ગયા.
* શાંતિનાથ પ્રભુના ચોમાસામાં ૧,૫૨,૫૫,૭૭૭ સાધુ ગિરિરાજ પર મોક્ષે ગયા.
* સાગર મુનિ ૧ ક્રોડ સાથે ગિરિરાજ પર મોક્ષે ગયા.
* ભરત મુનિ ૫ ક્રોડ સાથે ગિરિરાજ પર મોક્ષે ગયા.
* આદિનાથ પ્રભુના ઉપદેશથી અજિતસેન મુનિ ૧૭ ક્રોડ સાથે ગિરિરાજ પર મોક્ષે ગયા.
* શાંતિનાથ પ્રભુના પરિવારના ૧૦ હજાર સાધુઓ ગિરિરાજ પર મોક્ષે ગયા.
* શ્રી સારમુનિ એક ક્રોડ સાથે ગિરિરાજ પર મોક્ષે ગયા.
* પ્રદ્યુમ્નની પ્રિયા વૈદર્ભી ૪૪૦૦ સાથે ગિરિરાજ પર મોક્ષે ગયા.
* ભરતચક્રવર્ત્તીના પુત્ર આદિત્યશા ૧ લાખ અણગાર સાથે ગિરિરાજ પર મોક્ષે ગયા.
* બાહુબલીના પુત્રો ૧૦૦૮ સાથે ગિરિરાજ પર મોક્ષે ગયા.
* દમિતારિ મુનિ ૧૪ હજાર સાથે ગિરિરાજ પર મોક્ષે ગયા.
* અતીત ચોવીશીના ૨૪મા તીર્થંકર શ્રી સંપ્રતિજિનના ગણધર થાવચ્ચા ૧ હજાર સાથે ગિરિરાજ પર મોક્ષે ગયા.
* શુક્ર પરિવ્રાજક ૧ હજાર સાથે ગિરિરાજ પર મોક્ષે ગયા.
* થાવચ્ચા પુત્ર ૧ હજાર સાથે ગિરિરાજ પર મોક્ષે ગયા.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

* કાલિક ૧ હજાર સાથે ગિરિરાજ પર મોક્ષે ગયા.
* કદંબ ગણધર ૧ ક્રોડ સાથે ગિરિરાજ પર મોક્ષે ગયા.
* સુભદ્રમુનિ ૭૦૦ સાથે ગિરિરાજ પર મોક્ષે ગયા.
* શૈલકાચાર્ય ૫૦૦ સાથે ગિરિરાજ પર મોક્ષે ગયા.

આ સિવાય ભરતના પુત્ર બ્રહ્મર્ષિ ચાર પુત્ર સાથે, શાંતનું રાજા, ચન્દ્રશેખર રાજા, શ્રી ઋષભસેન જિન, દેવકીના છ પુત્રો, જાલિમયાલિ-ઉવયાલિ, સુવ્રત શેઠ, મંડક મુનિ, આણંદ ઋષિ, સાત નારદ, અંધકવૃષ્ણિ તથા ધારણી તેમજ તેના ૧૮ કુમારો વગેરે અનંત આત્માઓ આ ગિરિરાજ પર મુક્તિપદને પામ્યા છે.

### નવ ટૂંકના જિનમંદિરના પ્રતિમાજી, દેરીઓ તથા પગલાં

| | | |
|---|---|---|
| * | મોટી દેરીઓ | ૧૦૫ |
| * | નાની દેરીઓ | ૮૧૫ |
| * | આરસના પ્રતિમાજી | ૧૧૦૯૪ |
| * | ધાતુના પ્રતિમાજી | ૬૬૫ |

## શ્રી શત્રુંજય ગિરિરાજ ઉપર ઉજવાતા મુખ્ય પર્વો

| | | |
|---|---|---|
| ૧. | કારતક સુદ ૧૫ | શ્રી ઋષભદેવજીના પુત્ર દ્રાવિડને વારિખિલ્લ દશ ક્રોડ મુનિવર સાથે મોક્ષે ગયા. |
| ૨. | પોષ વદ-૧૩ | શ્રી ઋષભદેવ ભગવાન અષ્ટાપદે મોક્ષે ગયા. |
| ૩. | ફાગણ સુદ-૮ | શ્રી ઋષભદેવ ભગવાન આ તિથિએ પૂર્વ નવ્વાણું વાર સિદ્ધાચલ ઉપર સમવસર્યા. |
| ૪. | ફાગણ સુદ-૧૦ | શ્રી ઋષભદેવ ભગવાનના પાલક પૌત્ર નમિવિનમિ વિદ્યાધર બે ક્રોડ મુનિવરો સાથે સિદ્ધિપદ પામ્યા. |



For Private And Personal Use Only

| | | |
|---|---|---|
| ૫. | ફાગણ સુદ-૧૩ | શ્રી કૃષ્ણ વાસુદેવના પુત્ર શામ્બ અને પ્રદ્યુમ્ન સાડી આઠ ક્રોડ મુનિ સાથે આ તીર્થના ભાડવા ડુંગરવાળા ભાગમાં સિદ્ધિ પામ્યા. |
| ૬. | ફાગણ સુદ-૧૫ | શ્રી ઋષભદેવ ભગવાનના મુખ્ય ગણધર શ્રી પુંડરીકસ્વામીએ પાંચ ક્રોડ મુનિ સાથે આ તિથિએ અણસણ કર્યું. |
| ૭. | ફાગણ વદ-૮ | શ્રી ઋષભદેવ ભગવાનના જન્મ તથા દીક્ષા કલ્યાણક છે. તેમ જ વર્ષીતપની શરૂઆત પણ આ દિવસથી જ કરાય છે. |
| ૮. | ચૈત્ર સુદ-૧૫ | શ્રી પુંડરીક ગણધર પાંચ ક્રોડ મુનિવરો સાથે સિદ્ધપદ પામ્યા. |
| ૯. | વૈશાખ સુદ-૩ | શ્રી ઋષભદેવ ભગવંતે એ તિથિએ વર્ષીતપનું પારણું શ્રેયાંસકુમારના હાથે હસ્તિનાપુરમાં કર્યું હતું, આ કારણે આજે પણ વર્ષીતપનાં પારણાં પાલીતાણામાં સિદ્ધગિરિની યાત્રા કરી, શેરડીના રસથી થાય છે. ''શ્રેયાંસકુમાર જેવો ઊંચો ભાવ શ્રી ઋષભદેવ ભગવાન જેવું પાત્ર અને ઈક્ષુરસ જેવું દાન-એવો ત્રિવેણી સંગમ જેવો પવિત્ર દિવસ તે વૈશાખ સુદ-૩.'' |
| ૧૦. | વૈશાખ વદ-૬ | સંવત ૧૫૮૭ માં શત્રુંજય ગિરિરાજનો સોળમો ઉદ્ધાર કરાવનાર કર્માશાહે વર્તમાન મૂલનાયક શ્રી ઋષભદેવની પ્રતિષ્ઠા આ તિથિએ કરી છે, જેથી આ દિવસ શત્રુંજયની વર્ષગાંઠ તરીકે ઉજવાય છે. |



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

| | | |
|---|---|---|
| ૧૧. | આષાઢ સુદ-૧૪ | ચોમાસાના ચાર મહિના યાત્રા બંધ થતી હોવાથી આ દિવસે ઘણા યાત્રિકો વર્ષની છેલ્લી યાત્રા કરે છે. |
| ૧૨. | આસો સુદ-૧૫ | પાંચ પાંડવો વીસ ક્રોડ મુનિ સાથે સિદ્ધિપદ પામ્યા છે. |

## શ્રી શત્રુંજય ગિરિરાજના મહાસંઘપતિઓ

૧. શ્રી ભરત ચક્રવર્તીના સમયમાં ૯૯ ક્રોડ, ૮૯ લાખ, ૮૪ હજાર રાજાઓ સંઘપતિ બન્યા છે.

૨. શ્રી સગર ચક્રવર્તીના સમયમાં ૫૦ ક્રોડ, ૯૫ લાખ, ૭૫ હજાર રાજાઓ સંઘપતિ બન્યા છે.

૩. પાંડવો તથા જાવડશાહ સુધીના સમયમાં ૨૫ ક્રોડ, ૯૫ લાખ, ૭-હજાર મહારાજાઓ સંઘપતિ બન્યા છે.

૪. શ્રી વિક્રમ રાજાએ આ તીર્થનો વિશાળ સંઘ કાઢ્યો હતો.

૫. મહામંત્રી શ્રી વસ્તુપાળ અને તેજપાળે ૧૨ાા વખત સંઘ કાઢ્યા હતા.

૬. ત્રણ લાખ ચોર્યાશી હજાર સમકિતવંત શ્રાવકો સંઘપતિ બન્યા છે.

૭. સત્તર હજાર ભાવસાર શ્રાવકો સંઘપતિ બન્યા છે.

૮. સોળ હજાર ખત્રી શ્રાવકો સંઘપતિ બન્યા છે.

૯. પંદર હજાર બ્રાહ્મણ શ્રાવકો સંઘપતિ બન્યા છે.

૧૦. બાર હજાર કડવા પટેલ શ્રાવકો સંઘપતિ બન્યા છે.

૧૧. નવ હજાર લેઉઆ પટેલ શ્રાવકો સંઘપતિ બન્યા છે.

૧૨. પાંચ હજાર, પિસ્તાળીશ કંસારા શ્રાવકો સંઘપતિ બન્યા છે.

૧૩. સાતસો હરિજન શ્રાવકો તળેટી સુધીના સંઘની યાત્રાના સંઘપતિ બન્યા છે. આશાતના ન થાય માટે ગિરિરાજ પર ગયા નથી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નાના-મોટા સંઘપતિ મળી આ અવસર્પિણી કાળમાં અસંખ્ય સંઘપતિઓ થયા છે.

કહેવાય છે કે તેરમા ઉદ્ધાર અને પંદરમા ઉદ્ધારની વચ્ચેના સમયમાં ૩૮૪૦૦૦૧ સંઘો શત્રુંજયની યાત્રાએ પધાર્યા હતા.

હાલમાં અનેક સંઘો છ'રી પાળતાં કે બસમાં આવે છે.

## શ્રી તીર્થાધિરાજની છત્રછાયામાં આવેલ જિનમંદિરો

| તળેટીમાં જિનમંદિર-પગલાં દેરી | મૂળનાયક |
|---|---|
| ૧. શ્રી મીનાકારી મંદિર-જૈન નગર | શ્રી વાસુપૂજ્યસ્વામી |
| ૨. શ્રી કેશરીયાજી મંદિર | શ્રી ઋષભદેવ |
| ૩. શ્રી વર્ધમાન જૈન આગમમંદિર | શ્રી ઋષભદેવ |
| ૪. શ્રી જંબુદ્વીપ | શ્રી મહાવીરસ્વામી |
| ૫. શ્રી જયતળેટી | શ્રી પગલાંજી |
| ૬. શ્રી ધર્મનાથ સ્વામિપ્રાસાદ | શ્રી ધર્મનાથ સ્વામી |
| ૭. શ્રી ધનવસી ટૂંક | શ્રી મહાવીરસ્વામી |

## શ્રી તીર્થાધિરાજની છત્રછાયામાં આવેલ જિનમંદિરો

| | |
|---|---|
| ૧. શ્રી સમવસરણ મહામંદિર | શ્રી મહાવીરસ્વામી |
| ૨. શ્રી સરસ્વતી ગુફા | શ્રી સરસ્વતી દેવી |

| પાલીતાણા ગામમાં જિનમંદિર | મૂળનાયક |
|---|---|
| ૧૦. સ્ટેશન પાસે શ્રી યશોવિજયજી જૈન ગુરુકુળમાં | શ્રી સુમતિનાથ |
| ૧૧. કાપડ બજારમાં, ગોરજીના ડેલામાં | શ્રી શાંતિનાથ |
| ૧૨. સુખડીયા બજારમાં | શ્રી ગોડી પાર્શ્વનાથ |
| ૧૩. જુની આ૦ ક૦ પેઢી પાસે મોટું દેરાસર | શ્રી ઋષભદેવ |
| ૧૪. રણશી દેવરાજ પાસે જૂની તળેટી | પગલાં |
| ૧૫. નરસી કેશવજી ધર્મશાળા | શાશ્વતા ચોમુખજી |



For Private And Personal Use Only

| | |
|---|---|
| ૧૬. નરશી નાથા ધર્મશાળા | શ્રી ચંદ્રપ્રભપ્રભુ |
| ૧૭. સર્વોદય સોસાયટી ગોરાવાડી | શ્રી સુપાર્શ્વનાથ |
| ૧૮. વીરબાઈ પાઠાશાળા | શ્રી મહાવીરસ્વામી |
| ૧૯. મોતીસુખીયા ધર્મશાળા | શ્રી ઋષભદેવ |
| ૨૦. કંકુબાઈ ધર્મશાળા | શ્રી ઋષભદેવ |
| ૨૧. કંકુબાઈ ધર્મ૦ પાછળ-ગોરજીની વાડીમાં | શ્રી મલ્લિનાથ |
| ૨૨. કંકુબાઈ ધર્મશાળા પાસે વિજય તળેટી | શ્રી પગલાં |
| ૨૩. જશકુંવર ધર્મશાળા | શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ |
| ૨૪. જૈન સાહિત્ય મંદિર | શ્રી ઋષભદેવ |
| ૨૫. સાંડેરાવ જિનેન્દ્રભુવન | શ્રી પાર્શ્વનાથ |
| ૨૬. માધવલાલ બાબુ ધર્મશાળા | શ્રી સુમતિનાથ |
| ૨૭. પંજાબી ધર્મશાળા | શ્રી વાસુપૂજ્યસ્વામી |
| ૨૮. અરીસાભવન ધર્મશાળા | શ્રી શાંતિનાથ |
| ૨૯. હજારીનિવાસ ધર્મશાળા | શ્રી ચંદ્રપ્રભપ્રભુ |
| ૩૦. શ્રી સિદ્ધક્ષેત્ર શ્રાવિકાશ્રમ | શ્રી ઋષભદેવ |
| ૩૧. જૈનભવન | શ્રી સીમંધરસ્વામી |
| ૩૨. વલ્લભવિહાર | શ્રી પાર્શ્વનાથ |
| ૩૩. રાજેન્દ્રવિહાર-દાદાવાડી | શ્રી ઋષભદેવ |
| ૩૪. હિંમતવિહાર | શ્રી શાંતિનાથ |
| ૩૫. રાજેન્દ્રભવન | શ્રી ઋષભદેવ |
| ૩૬. જૈન બાલાશ્રમ | શ્રી પાર્શ્વનાથ |
| ૩૭. નંદાભવન | શ્રી સીમંધરસ્વામી |
| ૩૮. લુણાવા-મંગલભવન | શ્રી ઋષભદેવ |
| ૪૦. તખતગઢ-મંગલભવન | શ્રી ઋષભદેવ |
| ૪૧. શ્રી કલ્યાણ વિમળની દેરી | પગલાં |



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## પાલીતાણા ગામમાં આવેલ સંસ્થાઓ

૧. છાપરીયાળી પાંજરાપોળ.
૨. શ્રી યશોવિજયજી જૈન ગુરૂકુળ.
૩. શ્રી સિદ્ધક્ષેત્ર જૈન બાલાશ્રમ.
૪. શ્રી સિદ્ધક્ષેત્ર જૈન શ્રાવિકાશ્રમ.
૫. શ્રી જિનદત્તસૂરિ બ્રહ્મચર્યાશ્રમ.
૬. શ્રી જૈન સેવા સમાજ
૭. શ્રી જૈન શ્રેયસ્કર મંડળ.
૮. શ્રી લબ્ધિસૂરિ જૈન સેવા સમાજ.
૯. શ્રી સિદ્ધક્ષેત્ર મોટી ટોળી.
૧૦. શ્રી સિદ્ધક્ષેત્ર નાની ટોળી.
૧૧. શ્રી આયંબિલ ભુવન.
૧૨. ગૌરક્ષા.
૧૩. શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી.

## પુસ્તક ભંડાર અને લાયબ્રેરીઓ

૧. શ્રી જૈન સાહિત્ય મંદિર
૨. શ્રી દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણ લાયબ્રેરી.
૩. શ્રી વીરબાઈ જૈન લાયબ્રેરી.
૪. શ્રી પન્નાલાલ લાયબ્રેરી (બાબુની ધર્મશાળા).
૫. શ્રી મોહનલાલજી લાયબ્રેરી (ઉજમબાઈની મેડીમાં)
૬. અંબાલાલ જ્ઞાનભંડાર (આણંદજી કલ્યાણજીની પેઢીમાં).
૭. બાબુ ધનપતસિંહ જ્ઞાનભંડાર (બાબુના દેરાસરમાં).



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## પાઠશાળાઓ

૧. શ્રી હેમચંદ્રાચાર્ય પાઠશાળા.
૨. શ્રી સૂક્ષ્મ તત્ત્વબોધ પ્રકરણાદિ પાઠશાળા.
૩. શ્રી હરિબાઈ સંસ્કૃત પ્રાકૃત પાઠશાળા.
૪. શ્રી વીરબાઈ પાઠશાળા.
૫. શ્રી નીતિસૂરિશ્વરજી જૈન પાઠશાળા.
૬. શ્રી બાબુ બુદ્ધિસિંહજી જૈન પાઠશાળા.

## પાલિતાણામાં આવેલા જૈન ધર્મશાળાઓ

૧. દિગંબર ધર્મશાળા
૨. મસાલીયાની ધર્મશાળા
૩. હેમાઈશેઠની હવેલી
૪. મોતીશાહ શેઠ
૫. સાત ઓરડા
૬. અમરચંદ જસરાજ
૭. હઠીભાઈની
૮. લલ્લુભાઈની
૯. સૂરજમલની
૧૦. ખુશાલભવન
૧૧. વીશા શ્રીમાલીવાડી
૧૨. શાંતિભવન
૧૩. મહાજન વંડો
૧૪. નરશીનાથા
૧૫. દેવશી પુનશી
૧૬. મગનમોદી
૧૭. ભાવસાર
૧૮. સમરથભવન
૧૯. રણશી દેવરાજ
૨૦. નગીનદાસ કપૂરચંદ
૨૧. નરશી કેશવજી
૨૨. વીરબાઈ પાઠશાળા
૨૩. જામનગરવાળા
૨૪. ઘોઘાવાળાની
૨૫. મોતીસુખીયા
૨૬. ચાંદભવન
૨૭. કલ્યાણભવન
૨૮. ચંપાનિવાસ
૨૯. કંકુબાઈની
૩૦. સુવર્ણ જતનવિહાર
૩૧. પુરબાઈની
૩૨. નહાર બીલ્ડીંગ
૩૩. મગનલાલ મૂળચંદ
૩૪. ધનાપુરા
૩૫. કાશીકેસર
૩૬. સુરાણીભવન
૩૭. પ્રકાશભવન
૩૮. વલ્લભવિહાર



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૩૯. બ્રહ્મચર્યાશ્રમ
૪૦. જીવનનિવાસ
૪૧. શત્રુંજયવિહાર
૪૨. કોટાવાળા
૪૩. બાબુ પન્નાલાલ
૪૪. હરિવિહાર
૪૫. સાંડેરાવ જિનેન્દ્રભવન
૪૬. ઉમાજીભવન
૪૭. પંજાબીયાત્રી ભવન
૪૮. આરીસાભવન
૪૯. બાબુ માધવલાલ
૫૦. આનંદભવન
૫૧. હજારીનિવાસ
૫૨. બનાસકાંઠાની
૫૩. સાબરમતીવાળા
૫૪. લુણાવામંગલભવન
૫૫. બેંગલોરયાત્રીભવન
૫૬. ખીવાન્દીમંગલભવન
૫૭. ઓશવાલયાત્રીભવન
૫૮. સુરેન્દ્રભવન
૫૯. મુક્તિનિલય
૬૦. જૈનભવન
૬૧. સુતરીયાનિવાસ
૬૨. પાંચબંગલા
૬૩. વૃદ્ધિનેમિ અમૃતવિહાર
૬૪. કચ્છી વીશા ઓશવાલ નૂતન ધર્મશાળા
૬૫. રાજેન્દ્રવિહાર-દાદાવાડી
૬૬. હિંમતવિહાર
૬૭. રાજેન્દ્રભવન
૬૮. મહારાષ્ટ્રભવન
૬૯. સૌધર્મનિવાસ
૭૦. કાશીકેસર વાપીવાળાની
૭૧. નંદાભવન
૭૨. ચંદ્રદીપક
૭૩. યતીન્દ્રભવન
૭૪. પન્ના રૂપા
૭૫. સોના રૂપા
૭૬. સુશીલદિવ્ય ચિત્રસાહિત્ય
૭૭. ભક્તિવિહાર
૭૮. તખતગઢ મંગલભવન
૭૯. ગિરિરાજછાયા પાદરલી
૮૦. નિવૃત્તિનિવાસ (ભવન)
૮૧. ગિરિવિહાર
૮૨. આરાધનાકેન્દ્ર
૮૩. વીશાનીમા
૮૪. કેશરીયાનગર
૮૫ પ્રાગજી જવેરભાઈ ધર્મશાળા

મોટા ભાગની ધર્મશાળામાં વ્યાખ્યાન હોલ તથા સાધુ-સાધ્વી મહારાજને ઉતરવાની સગવડ છે. પાલીતાણામાં જમવા માટે ભોજનશાળાઓ પણ આવેલી છે.(માહિતિ આધાર : 'શત્રુંજય મહાતીર્થ દર્શન' પુસ્તક)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સવારનાં પચ્ચખ્ખાણ

## ૧. નમુક્કારસહિઅં-મુઠ્ઠિસહિઅં

ઉગ્ગએ સૂરે નમુક્કારસહિઅં, મુઠ્ઠિસહિઅં પચ્ચખ્ખાઈ ચઉવિવ્વહં પિઆહારં અસણં પાણં ખાઈમં, સાઈમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિ-વત્તિયાગારેણં વોસિરઈ (વોસિરામિ)

## ૨. પોરિસિ-સાઢ્ઢપોરિસિ, પુરિમુઠ્ઠ, અવઠ્ઠ

ઉગ્ગએ સૂરે નમુક્કારસહિઅં, પોરિસિં, સાઢ્ઢપોરિસિં પુરિમુઠ્ઠ, અવઠ્ઠ મુઠ્ઠિસહિઅં પચ્ચખ્ખાઈ, ઉગ્ગએ સૂરે ચઉવ્વિહંપિ આહારં અસણં-પાણં-ખાઈમં-સાઈમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પચ્છન્નકાલેણં, દિસામોહેણં, સાહુવયણેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરઈ (વોસિરામિ)

## એકાસણ-બિયાસણ

ઉગ્ગેસૂરે નમ્મુક્કારસહિયં પોરિસિં, સાઢ પોરિસિં, મુઠ્ઠિસહિયં પચ્ચકખાઈ, ઉગ્ગએસૂરે ચઉવ્વિહંપિ આહારં અસણં પાણં-ખાઈમં-સાઈમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પચ્છન્નકાલેણં, દિસામોહેણં, સાહુવયણેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, વિગઈઓ પચ્ચખ્ખાઈ, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, લેવાલેવેણં, ગિહત્થસંસઠ્ઠેણં, ઉખ્ખિત્તવિવેગેણં, પડુચ્ચયુમખ્ખિએણં, પારિઠ્ઠાવણિયાગારેણં, એકાસણં મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, એગાસણં-બિયાસણં પચ્ચખ્ખાઇ, તિવિહંપિ આહારં, અસણં, ખાઈમં, સાઈમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, સાગરિયા ગારેણં, આઉંટ્ઠણપસારેણં, ગુરુઅબ્ભુઠ્ઠાણેણં, પારિઠ્ઠાવણિયાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, પાણસ્સ લેવેણ વા અલેવેણ વા, અચ્છેણ વા, બહુલેવેણ વા, સસિત્થેણ વા અસિત્થેણ વા વોસિરઈ (વોસિરામિ)



For Private And Personal Use Only

## ૫. આયંબિલ

ઉગ્ગએ સૂરે-નમુક્કારસહિઅં, પોરિસિં, સાઢ્ઢપોરિસિં, મુટ્ઠિસહિઅં, પચ્ચખ્ખાઈ, ઉગ્ગએ સૂરે ચઉવ્વિહંપિ આહારં, અસણં, પાણં, ખાઈમં, સાઈમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પચ્છન્નકાલેણં, દિસામોહેણં, સાહુવયણેણં, મહત્તરાગારેણં સવ્વસમાહિવત્તિયાગારેણં, આયંબિલ પચ્ચખ્ખાઈ, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, લેવાલેવેણં, ગિહત્થસંસટ્ઠેણં, ઉખ્ખિત વિવેગેણં, પારિટ્ઠાવણિયાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં સાગરિયાગારેણં, આઉટણપસારેણં, ગરુઅબ્ભુટ્ઠાણેણં, પારિટ્ઠાવણિયાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, પાણસ્સલેવેણ વા, અલેવેણ વા, અચ્છેણ વા, બહુલેવેણ વા, સસિત્થેણ વા, અસિત્થેણ વા, વોસિરઈ (વોસિરામિ)

## ૬. તિવિહાર ઉપવાસ

સૂરે ઉગ્ગએ અબ્ભત્તટ્ઠં પચ્ચખ્ખાઈ, તિવિહંપિ આહારં, અસણં-ખાઈમં-અન્નત્થણાભોગેણં-સહસાગારેણં, પરિટ્ઠાવણિયાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, પાણહાર, પોરિસિં, સાઢપોરિસિં, મુટ્ઠિસહિઅં, પચ્ચખ્ખાઈ, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પચ્છન્નકાલેણં, દિસામોહેણં, સાહુવયણેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, પાણસ્સ લેવેણ વા, અલેવેણ વા, અચ્છેણ વા, બહુલેવેણ વા, સસિત્થેણ વા, અસિત્થેણવા, વોસિરઈ (વોસિરામિ)

## ૭. ચઉવ્વિહાર ઉપવાસ

સૂરે ઉગ્ગએ અબ્ભત્તટ્ઠં પચ્ચખ્ખાઈ-ચઉવ્વિહંપિ આહારં અસણં-પાણં-ખાઈમં-અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પારિટ્ઠાવણિયાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરઈ (વોસિરામિ)

## ૮. અભિગ્રહ

અભિગ્રહં પચ્ચખ્ખાઈ, અન્નત્થણાભોગેણં સહસાગારેણં, મહત્તારાગારેણં, સવ્વસમાહિવત્તિગારેણં વોસિરઈ (વોસિરામિ)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સાંજના પચ્ચખ્ખાણ

## ૧. ચઉવ્વિહાર

દિવસચરિમં પચ્ચખ્કાઈ, ચઉવ્વિહંપિ, આહારંઅસણં, પાણં, ખાઈમં, સાઈમં, અન્નત્થણાભોગેણં સહસાગારેણં મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરઈ (વોસિરામિ)

## ૨. પાણહાર

પાણહાર દિવસચરિમં પચ્ચખ્ખાઈ, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, વોસિરઈ (વોસિરામિ)

## ૩. તિવિહાર

દિવસચરિમં પચ્ચખ્ખાઈ, તિવિહંપિ આહારં, અસણં, ખાઈમં, સાઈમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, મહત્તારાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરઈ (વોસિરામિ)

## ૪. દેશાવગાસિક

દેસાવગાસિયં, ઉવભોગં, પરિભોગં પચ્ચખ્ખાઈ, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, વોસિરઈ (વોસિરામિ)

# પચ્ચક્ખાણ પારવાનું સૂત્ર

(નીચે પલાંઠી વાળીને બેસીને જમણા હાથની મુઠ્ઠી બાંધીને જમીન ઉપર મુકી ૧ નવકાર ગણીને નીચેનું સૂત્ર બોલવું)

''ઉગ્ગએ સૂરે નમુક્કારસહિયં, પોરિસિં, સાઢ પોરિસિં મુઠ્ઠિસહિયં પચ્ચક્ખાણ કર્યું ચઉવ્વિહાર આયંબિલ, એકાસણું, બેસણઉં પચ્ચક્ખાણ કર્યું તિવિહાર, પચ્ચક્ખાણ ફાસિયં, પાલિયં સોહિયં, તિરિયં કિટ્ટિયં, આરાહિયં, જંચ ન આરાહિયં તસ્સ મિચ્છામિ દુક્કડં''

* * *



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



Serving JinShasan
117209
gyanmandir@kobatirth.org

For Private And Personal Use Only